Barcode - 99999990871970
Title - Moman Chetamani.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 91
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

# મોમન ચેતામણી

કીંમત રૂ. ૫ સન ૧૯૨૩

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक [illegible] वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ८ - : १

*H. H. Sir Sultan Mahomed Shah Agakhan.*

G. C. S. I. LL. D. G. C. V. O. Etc

# HAZAR IMAM,



હાજર ઈમામ.

The Khoja Sindhi P. Press BOMBAY 9

# મુમન ચેતામણી.

(સૈયદ ઈમામશાહની રચેલી.)

આવૃતી ૨ જી                                   નકલ ૧૦૦૦

છાપનાર તથા પ્રગટ કરનાર.

ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટમેન્ટના

ઓ. સેક્રેટરી હુસેનભાઇ શરીફ ધી ખોજા સીંધી

પ્રીન્ટીંગ પ્રેસ ૧૦૦–૧૦૬ પાલખી મહોલ્લા

મુંબઇ નાં. ૯ માં છાપી ત્યાંથીજ

પ્રગટ કર્યું.

ALL RIGHTS RESERVED.

સંવત ૧૯૮૦]                                   [સન ૧૯૨૪

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૧૫૮૮

# પ્રસ્તાવના.

આ કિતાબ મુમન ચેતામણીની પ્રથમ આવૃતી સંવત ૧૯૬૦ માં સોધી ટાઈપમાં છપાઈ બહાર પડી હતી, જે ખલાસ થતાં તેની નવી આવૃતી ગુજરાતીમાં બહાર પડી જે ખલાસ થતાં આ બીજી આત્રતી બહાર પડે છે. આ ગ્રથ સઈયદ **ઇમામશાહ**નો રચેલો છે, **ઇમામશાહ**ને બોધ કરવાની રજા તે વખતના હાજર ઈમામ તરફથી મળેલી હતી.

રજા મળવા બાદ **અમદાવાદ** આવી **ગીરમઠા** ગામ પાસે પોતાનું સ્થળ રાખી ગુજરાતના મુમના, કાછીયા, ખોજા વગેરેને બોધ કરવાનું અને સતપંથમાં લાવવાનુ કામ ચાલુ કર્યું અને પોતાના અનુયાયીઓને સીધો રસ્તો બતાવી આપ્યો કે—

**એજી આદ નિરંજન અવતર્યા, તેનું થાનક છે એરાક ખંડ માંહે;**
**સતગુરે સોહી દેખાડયા, તે છે વ્યાપક નવ ખંડ માંહે...**
**ચેતો રીખીસરો ગુર કહે સાચા સતગુરે એમ કહ્યા.**

અને એજ પાઠની શરૂઆતથી આ ઉપયોગી ગ્રંથ રચી ચેતવણી રૂપના આ ગ્રંથનું નામ **મોમન ચેતામણી** યાને ખરા દીનદારો માટે રણશીંગડું ફુંકી દીધું કે જેથી તેઓ ગુમરાહ ન બને.

આ ગ્રંથના રચનાર સઇયદ **ઇમામશાહ**નો ટુંક એહવાલ અત્રે આપવો યોગ્ય થઈ પડશે.

પીર **સદરદીન**ના ફરજંદ પીર **હસન કબીરદીન**ને તે વખતના હાજર ઈમામ તરફથી પીરાતનની પાઘડી મળી હતી અને તેથી તેઓ કળતાર વેળાના ગુરૂ તરીકે ઓળખાયેલ છે. **પીર હસન કબીરદીને** પોતાના પીરી જોમામાં મુરીદોનો ઘણો વધારો કર્યો. પીર હસન કબીરદીનને અઢાર ફરજંદો હતા પણ તેમાંથી સતર જણા સ્વાર્થમાં લુબ્ધ થઈ હાજર ઇમામનું મુબારક દર મુકી, પોતાની મુનસફી પર ચાલી પોત પોતાના મુરીદો ગોતી ઈમામનો હક ખાઈ જવા લાગ્યા અને સહુ સહુ જુદા જુદા તડ કરી પીર **હસન કબીરદીન** તથા પીર **સદરદીન** વગેરે મહાત્માઓની ઝહેમતથી ખીલેલી વાડીમાં અંગારા નાંખ્યા અને વાડીના વૃક્ષોને છીન્ન ભીન્ન કરી નાંખ્યા. તેઓ ઈમામનો હક ખાઇ જતા હોવાથી તેઓની બુધ્ધી કુદરતી રીતે ભ્રષ્ટ બની અને તેથી તેઓ રાન્યા ગયા; જે માટે તેઓના સગા ભત્રીજા નર મહમદશાહે તેઓ માટે કહ્યું છે કે—

**એસા હાલ ઉનકા જો હુવા,**
**અઢારમાંથી સતર જો મુઆ.**

પીર હસન કબીરદીનના અઢાર ફરજંદમાંના સઇયદ **ઇમામશાહુ** દાના નિઃસ્વાર્થ અને દીનદાર હોવાથી **હક** રાહને ન છોડતાં ઈમામની ખીજમતમાં પોતાનું સર ઝુકાવ્યું અને તેમને મીશનરી તરીકેનો પટો આપવામાં આવ્યો સઇયદ **ઇમામશાહ** હસ્તક ઘણાએક નવા મુરીદો થયા અને પીર **હસન કબીરદીન** વગેરે પીરોને હાથે બોધ પામેલાં ખાજા મુરીદોને પણ બોધામૃતથી તેમણે તર કર્યા. ગુજરાત, કચ્છ, કાઠીયાવાડના ભાગમાં **સઇયદ ઇમામશાહને પીર ઇમામશાહ** તરીકે ઓળખવામાં આવે છે. પીરનો અર્થ વૃદ્ધ અથવા સાધારણ રીતે મહાન નર થાય છે અને ખાસ કરીને સઇયદ મહાત્માને માટેજ ચાલુ વપરાય છે, એ હીસાબે સઇયદ **ઇમામશાહ**, પીર **ઇમામશાહ** તરીકે ઓળખાય છે. તેમજ તેમણે પોતે ઘણે સ્થળે **પીર** સબ્દ પોતા માટે વાપરેલ છે વળી **"એક અક્ષર શીખવાડે જેહ, ગુર કરી માનીએ તેહ"** ની સમજ મુજબ સઇયદ **ઇમામશાહ** પોતા માટે ગુરૂ શબ્દનો ઉપયોગ કરે છે પણ ઇમામી **ઇસ્માઇલી** દીનમાં પીરનો મરતબો અને **શાહ**નો મરતબો **રાજા ને પ્રધાન** કે **ઇમામ** ને **પીર** કે હીન્દુસ્તાનની રૂઢી મુજબ આદ ગુરૂ અને આદ **વિષ્ણુ** રૂપે ખાસ વપરાતા હોવાથી, ત રૂઢી અનુસાર દરેક સઇયદને **પીર** લકબ લાગુ પડી શકે નહી, જેમ વઝીર કે પ્રધાનની નીમણુક રાજા તરફથી થાય છે, તેમ પીરની નીમણુંક શાહ યાને હાજર ઇમામ તરફથીજ થાય છે. ઇમામી ઇસ્માઇલી દીન કે સતપંથમાં અનાદી કાળથી આ નીયમ ચાલ્યો આવે છે. **પીર** અને **શાહ**મા રહેલ ખુદાવન્દતાલાના હીદાયતી નુરની આ પૃથા અનાદી કાળથી હીન્દુસ્તાન કે હીન્દુસ્તાનની બહાર એકજ સરખી રહી છે અને રહેશે. એ મુજબ જેને હાજર ઇમામ તરફથી પીરાતનની પાઘડી મળે તેજ **પીર** ગણાય છે બાકી સઇયદ તરીકે ઓળખાતા અનેક જણા હોય છે. હિન્દુસ્તાનમાં ઇમામી ઇસ્માઇલી દીનમા આવા **પીરો** ક્રમવાર થયા છે અને અવ્વલ પીર **નબી મહમદ મુસ્તફા** (સ૦) થી આજ સુધી ૪૯ પીરો ક્રમવાર થયેલ છે જેમના મુબારક નામો હીન્દુસ્તાનના તેમના અનુયાયીઓ દુઆમાં દરરોજ નીયમીત પડે છે.

સઇયદ **ઇમામશાહ**ને તેવો પીરી મરતબો મળેલો નથી. પીર **હસન કબીરદીન** બાદ પીરનો મરતબો **પીર તાજદીન**ને આપવામાં આવેલ છે જે માટે ખુદ સઇયદ **ઇમામશાહ**ના ફરજંદ સઇયદ **નુરમહમદશાહે** કહેલ છે કે—

> **પીર કાકા તાજદીનકું માનો જાણ,**
> **તે આલ પીર સદરદીન નીરવાણ.**

છતાં કેટલાકો ગેર સમજુતીથી આલનો અર્થ ઓલાદ ગણી સઘળા ફરજંદો અને ઓલાદને **પીર** ગણી માને છે. ઇમામી ઇસ્માઇલી દીન યાને સતપંથની ઉંડી ફીલસુફી ઇલ્મે રૂહાનીથી ભરેલી છે. સતપંથી દીનને હાડકા, ચામડા સાથે કામ નથી પણ **નુર કે રૂહાની** સાથે કામ હોવાથી તે ઇલ્મના આંતરિક ભેદોની સમજાવટની ગેરહાજરીમાં આદાની સુંઠ સંમજી બેસી ઘણાએક ગેર સમજુતીમાં દોરવાઈ ગયા છે,

જો તેઓ સત્પંથ દીનનો પુર્ણ અભ્યાસ કરે અને તે પાક દીનનું મુળ સીદ્ધાંત નુર કે રૂહ પર લક્ષ રાખે તો કદી પણ ગુમરાહ બને નહીં.

પુર્ણ કળાથી પ્રકાશતો ઇમામતનો સુર્ય દરેક જમાનામાં અખંડીત પ્રકાશતો રહે છે અને તે સુર્ય તરફથી મળતાં તત્વથી પ્રકાશતો (પીર) ચંદ્ર જરૂર પડે રાત્રીને પ્રકાશિત કરતો રહે છે, એટલેકે ચંદ્રને સુર્ય તરફથી રોશની મળે છે, ત્યારેજ તે રોશન રહે છે. તેવા ચંદ્રો અનેક હોઇ શકતા નથી પણ એકજ હોય છે; તે મુજબ ઇમામ પણ દુનીયામાં એકજ હોય છે અને પીર પણ એકજ હોય છે, અને તેને રોશની ઇમામ તરફથીજ મળે છે એટલે કે હાજર ઇમામ વગર પીર હોઈ શકે નહી જ્યારે પીર વગર હાજર ઇમામ હોઈ શકે છે આવી ઉંડી શોધ ખોળમા જ્યાં સુધી પડવામાં ન આવે ત્યાં સુધી ધર્મની ગહન બાબતો સમજી શકાતી નથી અને તેથીજ અનેક લોકો ગુમરાહ બને છે.

વળી કળીયુગનો ભયંકર સાગર સ્વાર્થ જળથી ભરપુર હોવાથી સ્વાર્થના મગરમચ્છો બીચારા નાના માછલાંને હોઇયાં કરી જાય છે, જ્યારે મચ્છી મારોની સ્વાર્થ જાળમાં કેટલાક ફસાય છે.

પીર અને સઇયદનો ભેદ બતાવ્યા બાદ સઇયદ ઇમામશાહે રચેલ આ ખાતાબ મુમન ચેતામણી વીશે બે બોલો લખવા યોગ્ય થઈ શકશે.

આ ગ્રંથની અંદર શરૂઆતમાં ખરિમાહલી ઇમામ શ્રી ઇસલામશાહનું રહેઠાણ બતાવી, તે પાક ઇમામ ૯૦ મઉલા મુરતજાઅલી, ૯૦ નબી મહમદ મુસ્તફાથી ઉતરી આવેલ હોવાથી તેનીજ સેવા કરવાનું અને તેમાં ઇશ્વિરી જ્યોતી પ્રકાશે છે એમ સીદક દીલથી માનવાનું અને હવે પછી પણ:—

**એજી નુરથી નુરજ પ્રગટયા, તેનો વાસ છે નુરજ માંહે.**

જણાવી તેજ પાક નુરને વળગી રહેવાનું સમજાવ્યું છે અને તે હીદાયતી નુરેજ આ સત્પંથ યાને સરાતલ મુસ્તકીમ તત્વરૂપ દીન કુરાને શરીફમાંથી શોધી કહાડ્યો એમ જણાવી કુરાનનો ગુહ્ય ભેદ એજ ઘરમાં છે એમ બતાવ્યું છે. જેમ પાક કુરાને શરીફમાં ફરમાવેલ છે કે:—

## સુરએ આલે ઇમરાન આયત ૭ મી.

"વ મા યઅલમો તાઅવીલહુ ઇલ્લલ્લાહો વર્રાસેખુન ફીલ ઇલ્મે."

એટલે—તેના (કુરાનના) ગુહ્ય ભેદવાલા કલામની તાવીલ કોઇ જાણતું નથી પણ અલ્લાહ તથા એ બુઝુર્ગો (હાજર ઇમામ) કે જેઓ ઇલ્મમાં સંપુર્ણ પ્રવિણ અને કામીલ છે.

ત્યારબાદ તે ઘરની શનાખત રાખી સેવા કરનાર સ્વર્ગીય સુખ ભોગવશે વગેરે બાબતો આવે છે અને તે ઇમામતની પૃથા અનાદી કાળથી ચાલુ છે એવું વર્ણન આવે છે. કળયુગના કઠણ જમાનામાં અત્યંત પાપ વ્યાપશે અને ધર્મના ઢોંગીઓ

સત્યને અસત્ય અને અસત્યને સત્ય ઠરાવી લોકોને ધુતશે વગેરે આગમ ચેતીઓ કરેલી છે કે જે અત્યારે નજરે પડે છે.

એ પાક જાત ઇમામે ઝમાનની શનાખતથી મહરૂમ રહેનાર માટે રચનાર ધણી દયા ખાઇ ચેતતા રહેવા અનેક સુચનાઓ કરે છે અને જો ચેતામણી પર ધ્યાન નહી આપશો તો નર્કવાસ થવાનું પણ સાફ સાફ જણાવી દે છે.

ત્યારબાદ પીર સતગુર નુરની ટુંક હકીકત અને પીર શમસનો અહેવાલ આવે છે જેમાં બાવદી વગેરે સ્વાર્થીઓની કપટ જાળને કાપી ઇસ્માઇલી પીરાઇનો જલવો ઉંચમાં ફેલાવ્યાનું વર્ણન આવે છે.

ટુંકમાં આ ગ્રંથ ચેતામણી રૂપે હાજર ઇમામની શનાખત રાખી તેની સેવા કરવા અને ગફલતી નહી રાખવાની ચેતવણી આપે છે; તે ઉપર દરેક દીનદારે ધ્યાન આપવાની જરૂર છે. આમીન.

લી૦

પ્રગટ કર્તા.

# મુમન ચેતામણી.

(પીર ઇમામશાહની રચેલી.)

એજી આદ નીરીંજન અવતર્યા,
તેનું થાનક છે એરાક ખંડ માંહે;
સતગુરૂએ સોહી દેખાડીયા,
તે છે વ્યાપક નવ ખંડ માંહે;
ચેતો રીખીસરો ગુરૂ કહે સાચા સતગુરે એમ કહ્યા. ૧
એજી આલ અલીજીની તે કહીએ,
નબી મહમદ પીર મુસલ્લે છે ત્યાંએ;
ઇસરે આલથી જે ભુલશે,
તેતો જાશે દોજક માંહે.—ચેતો૦ ૨
એજી ઇસરે આલથી આલ ચાલીયા,
તે તો આવીયા કહેક નગરી માંહે;
વીરચા અંગુઆ થાનક કહીએ,
શ્રી ઇસલામશાહ બેઠા છે ત્યાંએ.—ચેતો૦ ૩
એજી જોમાં જોમાં માંએ એ નરજી કહીએ;
તેની સાંખ છે એલમ માંહે;
ચાલીસ સીપારા કુરાનના;
તે માંહે ત્રીસ છે દુનીયા માંહે.—ચેતો૦ ૪
એજી દસ સીપારા બાકી રહ્યા,
તે છે એ ઘર માંહે;
અથરવેદ તેને કહીએ,
તેની વાણી સતગુર મુખજ માંહે.—ચેતો૦ ૫

એજી આલ નબીજીની જુગમાંહે આવીયા,
તેણે તે કીધા એ ધરમ ઉપાય;
સતગુરૂ ઇમામશાહ એમ કહે,
તેતો આલ મહમદની કહેવાય.—ચેતો૦ ૬
એજી નુરથી નુરજ પ્રગટીયા,
તેનો વાસ છે નુરજ માંહે;
તેણે આ સતપંથ પેદા કીધો,
ખોજી કાઢીયો કુરાન માંહે.—ચેતો૦ ૭
એજી ચાર વેદ ચાર કીતાબ ખોજીયા,
સતગુરૂ સરવે ત્યાંએ,
ઇલમ અલ્લાહજીએ ભેજીઆ,
ફેરદ ફરમાવીયા ફુરકાન માંહે.—ચેતો૦ ૮
એજી ફેરદ ફુરકાનેથી ઉપન્યા,
તેતો પરવરીયા પીરોથમી માંહે;
શરીયત, તરીકત, હકીકત તેની,
માલુમ છે મારફત માંહે.—ચેતો૦ ૯
એજી મારફત માંહેથી કાઢી કરી,
તેતો આણીયો ઇસ પંથ માંહે;
ત્યાં રહેણી રાખો નીશ્ચે કરી,
આપણા જીવને ત્યાંએ.—ચેતો૦ ૧૦
એજી ઈસરે રેહેણીથી જે ભુલશે,
તેનું ઠામ નહીરે કીયાંએ;
તેતો ફેરા ફરે લખ ચોર્યાશી તણા,
તેતો મોક્ષ ન પામે કયાંએ.—ચેતો૦ ૧૧
એજી લખ ચોરાશી તો છુટીએ,
જો રહીએ આપણા સતગુરૂકે ફરમાન માહે;
દસોંદ દીજે સતગુરૂ મુખે,
તો વાસો હોવે અમરાપુરી માંહે.—ચેતો૦ ૧૨
એજી અમરાપુરી છે આગળે,
તેના સુખ કહ્યા નવ જાય;
સતગુરે દીઠી તેવી કહી,
ત્યાં હુર મલાએક છે માંહે.—ચેતો૦ ૧૩

એજી અનત મેવા છે તે મહેલમાં.
તે ઘરની શોભાછે ત્યાંય;
મોમન રીખીસર તે મહેલમાં,
લીણાં લાડ કરશે ત્યાંય,–ચેતો૦ ૧૪
એજી એવા ઘર તે જીવ પામશે,
જે ચાલશે આપણા સતપંથ માંય,
ખરા દસોંદી સુકરીત વંતા,
તેની સાંખ છે એલમ માંય.–ચેતો૦ ૧૫
એજી તે એલમ આલથી પ્રગટયા,
તેની સાંખ છે કુરાન માંહે;
કુરાન કુદરત માંહેથી ઉતર્યા,
તેની સાંખ છે એ ઘર માંહે.–ચેતો૦ ૧૬
એજી એ ઘર દેખી જે ભુલશે,
તેતો જાશે દોજખ માંહેં,
આદ ઉણીયાદથી એ ઘર કહીએ,
તેને શ્રેવતાં વીલંબ ન કીજે કાંઇ.–ચેતો૦ ૧૭
એજી બ્રહ્માને વીષ્ણું મહેશ્વર કહીએ,
તેતો સરવે છે એ ઘર માંહે;
એ ઘરમાંથી આલજ ચાલીયા,
તેતો પરવરીયા પીરથમી માંહે.–ચેતો૦ ૧૮
એજી તારે વીષ્ણું વર દાતાર થયા,
કૃપા કીધી બ્રહ્માજી ઉપરે ત્યાંય;
તમો જાઓ જુગમાંહે વાણી કરો,
અમે સાથે આવશું ત્યાંય.–ચેતો૦ ૧૯
એજી તેને ફરમાને બ્રહ્માજી જુગમાંહે આવીયા;
વાણી કીધી તે જુગમાંય;
પ્રબોધી પીરથમી બ્રહ્માજીએ,
ધરમ મારગ ચલાવીયા ત્યાંય.–ચેતો૦ ૧૦
એજી અનંત કલપ એવા વહી ગયા,
પછે આવ્યા તે ચાર કલપ ત્યાંય;
તે માંહે ત્રણ કલપ વરતીયા,
બ્રહ્માજીને ફરમાને રહ્યા ત્યાંય.–ચેતો૦ ૨૧

એજી કલપ માંહે પરવરીયા,
ચાર જુગ તે કીધા માંહે;
આદ ઉણીયાદે ભેળા હતા,
સતગુરૂ શામીજીની સેવાએ.—ચેતો૦ ૨૨
એજી ત્યાંથી સતગુરૂ પ્રગટયા,
અને આવીયા તે ચાર જુગ માંહે;
તે માંહે ત્રણ જુગ વહી ગયા,
તેના જીવડા પહોતા થાનક માંહે.—ચેતો૦ ૨૩
એજી તે અવતારે અવતાર વહી ગયા,
રચના કીધી વીષ્ણુ બ્રહ્માજી ત્યાંય;
આજ છેલ્લી સંધ કલજુગ સંધે,
મુરતજા અલી અવતર્યા મક્કા માંહે.—ચેતો૦ ૨૪
એજી ત્યાંથી આલજ ચાલીયા,
તેતો આવિયા કહેક નગરી માંહે;
શ્રી ઇસલામ શાહ ત્યાં નર કહીએ,
શાહ ગરીબનું તેજજ માંહે.—ચેતો૦ ૨૫
એજી એ ઘર શ્રેવે જે સતસું,
તેના પાતક સર્વે જાય;
અવતારે અવતાર ઓળખે,
તેને પહેલે મોક્ષ મુકતજ થાય.—ચેતો૦ ૨૬
એજી એ ઘેર દસોંદજ દીજીએ,
તે માંહે આળસ ન કીજે લગાર;
અનેક જીવ આગે ઉધરીયા,
તેણે ઓળખીયો પોતાનો ભરથાર.—ચેતો૦ ૨૭
એજી દસોંદ વિના નહિં છુટસો,
સાંભળો મુનીવર કહું છું વારંવાર;
છેલ્લો અખાડો આ જુગ તણો,
તે માંહે હાથસું કરી લીયો સંભાર.—ચેતો૦ ૨૮
એજી દસોંદ દસમી પાતી કહીએ,
તેતો આલો એ નરજીસું આહાર;
ચાલીસો તે પીર મુખે આખીએ,
મોમન તણો એ છે વેવાર.—ચેતો૦ ૨૯

એજી દસોંદ દેતાં જે જીવ ફુલાવશે,
તેના હાલ માલ નહિરે પરીવાર;
ક્રીયાના હીણા કોઇ જીવ નહિ તરે,
સતગુરૂ કહે છે પુકાર.–ચેતો૦ ૩૦
એજી આખર જમાનો આવીયો,
આવી છેલી કલજુગની વાર;
અવતાર સરવે પુરા થયા,
હવે શામી રાજો થાશે અસવાર.–ચેતો૦ ૩૧
એજી દળરે ચાલશે નકલંક તણો,
તારે થાશે તે હલહલકાર,
તે માંહે સતી જીવ જીતશે,
કાયર ખાશે ઘણુ કેરી માર.–ચેતો૦ ૩૨
એજી કાયર મ થાજોરે મુનીવરો,
આગળ છે દોહેલુંરે પાર;
શામી રાજો લેખાં માગશે,
નીશ્ચે જાણો નીરધાર.–ચેતો૦ ૩૩
એજી કલજુગની સંધ છે દોહેલી,
એ મુમનભાઈ તમે રહેજો હુશીઆર;
દસોંદ દેજો સતગુરૂ મુખે,
તથી ઉતરો પહેલે પાર–ચેતો૦ ૩૪
એજી જે દસોંદ નહિ દેશે સતગુરૂ મુખે,
તેતો કાયર થાશે ને ખાશેરે માર;
તેનાં હઈડાં માંહેથી અગની ઉઠશે,
તારે જીવડો તે કરસે પુકાર.–ચેતો૦ ૩૫
એજી સતગુરૂ સરવે સંભળાવીઆ,
મુમનભાઇ તમે કરજો વિચાર;
આદ ઉણીઆદથી એ ઘર ચાલીઓ,
તે શામી રાજો કરશે સંભાર.–ચેતો૦ ૩૬
એજી લેખાં લેશે ગુરૂનર સાંહીઆ,
ત્યાં સઉ કોઇ પુછાયેશે નરને નાર;
ઉત્તમ મધ્યમ ત્યાં કોઇ નહી,
કોઇ કેની વાર ન કરસે લગાર–ચેતો ૩૭

એજી ઉત્તમ આચારે ઉત્તમ જાણજો,
મધ્યમ આચારે મધ્યમ સાર;
તમે સહુ કોઈ જ્ઞાન સાંભળો,
આગળ કોઈ કેનું નહીં નરને નાર.—ચેતો૦ ૩૮
એજી બાપ બેટો કેનું નહિ,
નહિ કેનું કુટુંબ પરીવાર;
એવી વેળા જ્યારે આવશે,
ત્યારે નહિ કોઈ સાશરો મોસાર.—ચેતો૦ ૩૯
એજી જે જીવ સેવાએથી ચુકશે.
હ્રદયે ધર્મ નહિ આણસે લગાર;
તે માયાના મોહો માંહે બુડશે
સહુ કોઇ સ્વાર્થે જાશે સંસાર.—ચેતો૦ ૪૦
એજી કલજુગ જમાનો કઠણ જ્યારે આવશે,
તારે સહુને દીલે વાપરશે કાહાર;
તે માંહે જે જીવ નહિ ચેતશે,
તે જીવને પડસે જંજાલ.—ચેતો૦ ૪૧
એજી સંસાર સર્વે સાંભળો,
સાંભળી મ થજો ગમાર,
સતગુરૂ જુગોજુગ આવીયા
તેની વાણીનું તમે રાખો વીચાર—ચેતો૦ ૪૨
એજી માંહોમાંહે બંધવ લડશે,
તેતો નહીં ગણશે માતપીતાનું પરીવાર;
કઠણ વચન કહેશે આપમા,
એવો તે આવશે સંસાર.—ચેતો૦ ૪૩
એજી કોઇ કેને ઘરે નહિ આવશે,
મને આણશે તે રોપ અપાર;
અહંકારી અંજશ આણશે ઘણું,
તેથી જાશે તે નરક દ્વાર.—ચેતો૦ ૪૪
એજી મનરે માયાથી ભુલશે,
નહિ કોઇ કરશે જ્ઞાનના વિચાર;
તે બુધીએથી કાળ ન ઉતરે,
અધરમી ઉતપાતું કરશે અપાર.—ચેતો૦ ૪૫

એજી ગતનો મેળો તેથી ભાંગશે,
તારે નહિ કોઇ આવશે તે ધરમ દ્વાર;
અધરમ એવો ચાલસે
તેથી વણસશે નરને નાર.–ચેતો૦ ૪૬
એજી તે માના મળ માંહેથી ઉપજશે,
તેના થાશે પુત્રને પરીવાર;
ધરમ ન આવે તેને હૃદયે,
સઉના હૃદય માંહે વાપરશે કાળ.–ચેતો૦ ૪૭
એજી એરે એ ઘાણુ આખર તણા,
તમે સહુ કોઇ કરજો વિચાર,
સ્વાર્થે સંસાર વણસશે,
સહુ કોઇ મેલશે ધરમ આચાર.–ચેતો૦ ૪૮
એજી તેરમી સદી આખર જ્યારે આવશે,
તારે ધરમ ન રહેસે લગાર;
સતીઆના સત તારે તુટશે,
હોશે તે હો હો કાર.–ચેતો૦ ૪૯
એજી તારે ગતમાંહે ભુતખાના વાપરશે,
મોમનના મન કઠણ થાશે અપાર,
તે માસ છ માસે ખાના માંહે આવશે,
ધરમસરાએ આવેથી પાપ ન જાશે લગાર.–ચેતો૦ ૫૦
એજી એવા અધર્મ જ્યારે આવશે,
તારે ધોરી છાંડે તે ધરતીના ભાર;
તારે થરથર ધરતી ધ્રુજશે,
પાપ કરમનું નહિ કોઈ શુમાર.–ચેતો૦ ૫૧
એજી ગત સત તીરથ કરી નહી કોઇ જાણશે,
જાણણહાર કોઇ વીરલો સંસાર;
આ હું હું કરી સઉકોઇ હારશે,
તેણુથી ગતનો મેલો ભાંગશે સાર.–ચેતો૦ ૫૨
એજી તારે સત ગુરજીના વચન ઉથ પશે,
સઉ કોઇ ચાલશે આપણે મનને વિચાર;
તે દસોદ ન દશે સતગુરૂ મુખે,
કોઇ મેલસે ધરમ આચાર.–ચેતો૦ ૫૩

એજી અધરમે અન નહી ઉપજસે,
વિણસશે કણ કણુના ભંડાર;
માગ્યા તે મેંહે નહી આવશે,
અલ્પ કણ ઉપજશે તેણી વાર.—ચેતો૦ ૫૪
એજી આસમાની મેહુલા આવશે,
અડપ સડપ તે વરસશે સાર;
તે તો હાથ સરવે શામીજીને,
જેણે સીરજીયા તે સરવે સંસાર.—ચેતો૦ ૫૫
એજી સંસાર સીરજીયા શામીજીએ,
તે તો સઉની રોજીનો પુરણહાર;
તે માંહે અથર જીવ આ જુગ તણા,
તેના નેચો નહીરે લગાર.—ચેતો૦ ૫૬
એજી તે તો નેચો નહી રાખે નિશ્ચે કરી,
નહી રાખે તે સાહેબશું પ્યાર,
ભુખ્યા ભુખ્યા સઉ આગળ ફરે,
એ તો પ્રારબ્ધે આવી મલશે આહાર.—ચેતો૦ ૫૭
એજી આહાર ઉપર સંતોશ રાખીએ,
નવ કરીએ તો બોહોત પુકાર;
જેણે આ જુગ પએદા કરીયા,
તે તો શામી છે રોજીનો પુરણહાર.—ચેતો૦ ૫૮
એજી સેવા કીજે સાહેબ તણી,
તો ટળે તે જીવને જંજાલ;
માતાના ઉદરમાં જેણે પુર્યા,
ગીર્ભવાસમાં કીધી સંભાર.—ચેતો૦ ૫૯
એજી તે શામીજી ઉપરે વીશ્વાસ નહી,
સઉ કોઈ ચાલશે તે પોતાને આચાર;
બોહોત બુધીએ સઉ કોઇ ચાલશે,
તેના મનનું નહી મટેરે જંજાળ.—ચેતો૦ ૬૦
એજી સંસાર સઘળો એમ થયો,
સત ગુરજી કહે તે કેટલીક વાર;
મુરખ માયાની જાળમાં,
સઉ કોઈ બુડ મુએરે ગેમાર.—ચેતો૦ ૬૧

એજી સતગુરૂની સેવાએથી ચુકશે,
તેના ભઠ પડયોરે અવતાર;
ચેતણુહારા તમે ચેતજો,
માનખો નહિ આવે બીજી વાર.–ચેતો૦ ૬૨
એજી માહા પદારથ સરીખો આ માનખો,
તેનો સદગુરૂજીએ ધરમ દીધો સંભાળ;
તે માંહે સાચા મુનીવર આપણા,
તેને સામી રાજો લેશે ઉગાર.–ચેતો૦ ૬૩
એજી તે માંહે ખરા દસોંદી જે સુકરીતવંતા,
તેણુ તે બાંધી પુનની પાર:
તે ગ્નાન વીચારીને ચાલશે,
તેને કલજુગ નહીં લુપસે લગાર.–ચેતો૦ ૬૪
એજી તે ચાર જુગ આવીને પુરા થયા,
હુવે નહીં કોઈ અગીયારમો અવતાર;
તે સેંસો મટે સાચા સદગુરૂ થકી,
તેની શરણે તે રહો નીરધાર.–ચેતો૦ ૬૫
એજી ગત સઘળી તમે હેતે મીલો,
રખીસરો કેની ખેદ મ કરશો લગાર;
સેવા કરો સાચા સતગુર તણી,
તેથી પામશો મોક્ષ મુગત દીદાર.–ચેતો૦ ૬૬
એજી જેણુ આ જીવ પીંડ સરજીયા,
તેના સમર્થનો નહીંરે પાર;
ખરી દસોંદ તેને આલીયે,
એ તો ખરઆનીરે સંભાર.–ચેતો૦ ૬૭
એજી તે સતગુરની પાંતી અળગી કરો,
અને બીજું કરો પોતાનો આહાર;
તે માંહે તે થાશે બરકત ઘણી,
તેનો સેંસો મ આણુશો લગાર.–ચેતો૦ ૬૮
એજી તે આપણને દીધા વિના નહિ ચાલશે,
એ ગુરનર લોભી નહિરે લગાર;
માનખા જનમ માથે ડેરાવીઓ;
એ સઉ સઉને માથે છે ભાર.–ચેતો૦ ૬૯

એજી જેટલા ધરમો પેદા કીધા,
તે સઉ માંહે ચાલીઆ એરે વેવાર;
હીન્દુ મુસલમાન પોતાની નાત માંહે,
સઉ કોઈ દીએ છે પોતાના ગુરૂ મુખે આહાર.—ચેતો૦ ૭૦
એજી સરજણહારો સાંહીંઆં એક છે,
તેણે કીધા છે પંથ અપાર;
તે માંહે સઉ સઉ પોતાને થાનકે,
આપણાં ધર્મ માંહે રહે હુશીઆર.—ચેતો૦ ૭૧
એજી અધુરો ઓછો કયાં નહિં,
સર્વ સ્થાને છે એક સરજણહાર;
તે સેવાને કારણે સરજીઆ,
ગુરૂ બ્રહ્માજી નબી મહમદનો અવતાર.—ચેતો૦ ૭૨
એજી નબી મહમદ મુસ્તફા ઉપાવીઆ,
તેનો ચાલ્યો છે પરીવાર;
સતગુરૂ બ્રહ્મા મહમદ એક છે,
તેનો કર્તા તે વિષ્ણું વરદાતાર.—ચેતો૦ ૭૩
એજી સતગુરૂ બ્રહ્માજીનો વારો વહી ગયો,
તેના વેદ રહ્યા છે સાર;
હિન્દુ માને છે તે વેદને,
તે ઉપર દાન દીએ છે સંસાર—ચેતો૦ ૭૪
એજી તે વેદની વાણી ઉપર ધર્મ દીએ,
તેના જુઠા તે લેવણહાર,
બ્રહ્માજીના સુત તે કહેવાય છે,
તે પોતા માથે લીએ છે સઉનો ભાર.—ચેતો૦ ૭૫
એજી બ્રહ્માજીના સુત તેને કહીએ,
જે કોઈ પાળે ધરમ આચાર;
દાન લીએ તેતો સફળ કરી,
તેને માથે નહિ રેશે ભાર.—ચેતો૦ ૭૬
એજી બ્રહ્માજીનો સુત તે મહમદ મુસ્તફા,
સતગુરૂ નુર તેનો પરિવાર,
સતગુરૂ નુર સ્વર્ગથી ઉતર્યા,
તેણે બોધીઆ તે સર્વે સંસાર—ચેતો૦ ૭૭

૨૧૭૮૯



એજી તે સતગુરૂ તુરથી આલજ ચાલીઆ,
પીર શમસ તેનો પરીવાર;
હાજર જોમું તેણે દેખાડીઆ,
મુરતજા અલીનો અવતાર.—ચેતો૦ ૭૮
એજી તે મુરતજાઅલી અવતરેઆ,
અબુ તાલેબને ઘેર અવતાર;
તે બયતુલ્લા માંહે પેદા થયા,
તે શહેર મક્કા મીંજાર.—ચેતો૦ ૭૯
એજી માતાજી ગયાતા બઇતમાંહે,
તાયત કરવાને સાર;
ઇબાદત કરીને જ્યારે ઉઠીયાં,
અલી પેદાની સમે થઇ તેણીજવાર.—ચેતો૦ ૮૦
એજી તારે માતાજી પડીઆં વીચારમાં,
હવે ઘેર ગયાની નથી વાર;
તાં કેડે ઘર બીજો હતો,
તેની ભીંત ફાટી બારી થઇ તેણીજ વાર.—ચેતો૦ ૮૧
એજી તારે માતાજી ઉઠી તે માંહે ગયાં,
હુરાં બે આવીયું તે ઘર મીંજાર;
તે સમે અલી પેદા થયા,
તે આદ નિરંજનનું અવતાર.—ચેતો૦ ૮૨
એજી તેણે સાત દીવસ, આંખીઉં નહી ઉઘાડીયું,
મુખથી ખીર ન પીધું લગાર;
તારે નબી મહુંમદને માલુમ થયું,
તેતો આવીઆ તેણીજ વાર.—ચેતો૦ ૮૩
એજી તારે સલામ કીધા સરવરે,
અલીએ આખીયું ઉઘાડીયું તેણીજ વાર;
તારે દીદાર કીધા નબી મહમદ તણા,
મુખથી સલામ વાર્યો અલી કીરતાર.—ચેતો૦ ૮૪
એજી તારે મુખ ઉઘાડીયું મોલા અલીજીએ,
તેના મુખમાંહે જીભ દીધી સરદાર;
તાં ભેદ સઘળો સંભળાવીઆ,
તે ચાર કીતાબજ સાર.—ચેતો૦ ૮૫

એજી તારે પોતાની કુદરત રાખી પોતા કને,
નબી મહંમદ સમજ્યા સરવે વીચાર;
ધન ધન માત તાતને કહીએ,
એ છે આદ નિરંજનનો અવતાર.—ચેતો૦ ૮૬
એજી એણુ પરથમ પેલો સહી કીધો,
જ્યારે દીઠા તે શાહના દીદાર;
પછે તે મુરીદાને વતાવીઓ,
તે માંહે જે ઓળખશે તે પામશે પાર.—ચેતો૦ ૮૭
એજી તે સતગુરૂ બ્રહ્માજીએ સેવા કરી,
શુકરાના કીધા અતિ અપાર;
અલીને તે અલ્લાહ ઓળખીયો,
તે માંહે શક ન આણીઓ લગાર.—ચેતો૦ ૮૮
એજી તારે અરશ માંએથી મલાએક ઉતરીઆ,
તે આવીઆ પેગામ્બર પાસે તેણીવાર;
તે પુછવા લાગા પેગામ્બરને,
તમે શું શું દીઠો સરદાર.—ચેતો૦ ૮૯
એજી તારે મુખ મુબારક માંહેથી બોલીઆ,
નબી મહંમદ તેણીજ વાર;
અમે મોજીઝા દીઠા મુખ અલીજીને,
આપણો ભેદ આલીઓ છે સંભાર.—ચેતો૦ ૯૦
એજી તારે નબી મહંમદને મલાએકે કહ્યું,
અમને દેખાડો અલી વરદાતાર;
અમે દીદાર કરીએ શાહ અલી તણા,
તો ઉતરીએ પેલે પાર.—ચેતો૦ ૯૧
એજી તારે નબી મહમ્મદને મલાએક ચાલીયા,
તે આવીઆ અબુતાલબને દ્વાર;
ત્યાં નુર દીઠું નીરાકારનુ,
કીધું કુરનસું તેણી વાર.—ચેતો૦ ૯૨
એજી તારે સલામ કરી તે તો પાછા વરીયા,
તે મલાએક ને સરદાર;
તારે મલાએકે નબી મહમ્મદને કહ્યું,
એ તો છે અરશ કુરસનું કીરતાર.—ચેતો૦ ૯૩

એજી હમને જેણે હુકમ કરીઓ,
અને મુકીઆ તમ પાસે સરદાર;
સોહી અમે એને જાણતાં,
તે માંહે શક નહીરે લગાર.–ચેતો૦ ૯૪
એજી તારે નબી મહ઼ંમદ એમ બોલીઆ,
ભાઇ મલાએક તમને કહુ઼ં વીચાર;
અમને પોતે ઓલખાવીઓ,
એ છે સૃષ્ટીનો સરજણહાર.–ચેતો૦ ૯૫
એજી અલી તે તો સહી અલ્લાહ કહીએ,
તેમાં ઓછો નહીરે લગાર;
અમે એને માનીઓ સીદકસું,
એનું નામ છે જલ્લશાનહું આકાર.–ચેતો૦ ૯૬
એજી સીદક બરહક અલી કહીએ,
તે આદ નીરંજનનો અવતાર;
તારે નબી મહમ્મદને સઉ સલામ કરી,
મલાએક ગયા પોતાને દુઆર.–ચેતો૦ ૯૭
એજી મલાએક ત્યાંથી માથે ગયા,
પહોતા હજુર પરવરદીગાર;
તારે કુરનુસું કરી ઉભા રહ્યા,
તારે દીઠો તે અલીજીનો આકાર.–ચેતો૦ ૯૮
એજી મોલા મુરતજાઅલી દુનીયા માંહે જાહેર થયા,
તેની કુદરતનો નહી કોઇ પાર;
દીને ઈસ્લામ એથી પયદા થયો,
તે કારણે માથેથી ઉતર્યા દુલદુલને જુલફીકાર.–ચેતો૦ ૯૯
એજી તેણે મારી મુસલમાન કર્યા,
હીન્દુ હતા તેનો નહી કોઈ શુમાર;
દીન પોતાનો જાહેર કરીયો,
તેના નબી મહમ્મદને કીધા સરદાર.–ચેતો૦ ૧૦૦
એજી નબી મહમ્મદ સત બ્રહ્મા કહીએ,
તેનાં ફરજંદ બીબી ફાતમાં સાર;
તારે નબી મહમ્મદને ચીન્તા ઉપની,
એનો કોણ તે થાશે ભરથાર.–ચેતો૦ ૧૦૧

એજી નબી મહુમ્મદને શાહે મએરાજ તેડાવીઆ,
ત્યાં દીઠી તે કુદરત અપાર;
તારે ફરમાન આવીયો આલી જનાબથી,
તમે ચિંતા મ કરો લગાર.—ચેતો૦ ૧૦૨
એજી તમ ઘર ફરજંદ બીબી ફાતમા,
તેનો અમ પાસે છે ભરથાર;
તે કુળ તમારી માંએ અવતરીયા,
તે અબુ તાલબને ઘેર અવતાર.—ચેતો૦ ૧૦૩
એજી તે રૂપ અમારૂં જાણજો,
તે મોલા મુરતજા અલી અવતાર;
અલી અલ્લાહ એક કરી જાણજો,
તે માંહે શક મ આણશો લગાર.—ચેતો૦ ૧૦૪
એજી જારે એવો ફરમાન આવીયો હજુરથી,
તારે નબી મહુમ્મદને આવીયો એતબાર;
ત્યાં દીઠી કુદરત કાદર તણી,
બોલીયા નબી મહુમ્મદ તેણી વાર.—ચેતો૦ ૧૦૫
એજી તારે અરજ કીધી આલી જનાબમાં,
તમે સાંભળો પરવરદીગાર;
અલી અલ્લાહ એક ફરમાવીયા,
તેનો તે કોણ કરશે એતબાર.—ચેતો૦ ૧૦૬
એજી તારે દરગાહમાંથી ફરમાન આવીયો,
તમે સાંભળો મહુમ્મદ મોરા પીયાર;
તમ ઘર ફરજંદ બીબી ફાતમા,
તેનો અલી છે ભરથાર.—ચેતો૦ ૧૦૭
એજી તમ ઘર ફરજંદ નાર છે,
અમ ઘર ફરજંદ છે ભરથાર;
તમે મહુમ્મદ અમે જલ્લશાનહુ,
આપણ દોનુંનો એ છે વેવાર.—ચેતો૦ ૧૦૮
એજી જારે એ ફરજંદ મોટા થાશે,
ત્યારે કરશું તે દુનીઆનું આચાર;
અમે તમે દોનું એક છીએ,
તેનું કાંઇ ન કરશો વીચાર.—ચેતો૦ ૧૦૯

એજી બીબી ફાતમા વોરાવજો,
તે હજરત અલી ઘેર નાર;
તેને તમે ત્યાં આલજો,
હોજો દેજમાંએ ખોજા ચાર.—ચેતો૦ ११०
એજી તે ખોજા રહેશે હજુરમાં,
તે ઉપરે બીબી ફાતમા ધરશે પીયાર;
તેની દુઆએ તેતો વીજશે,
તેના થાશે બહુ પરીવાર.—ચેતો૦ १११
એજી તેતો માનશે મોલા અલીને,
સેવા કરશે ધરી બહુ પીઆર;
તેનો અલ્લાહ તે અલી કહીએ,
જે કોઇ આણશે ઇતબાર.—ચેતો૦ ११२
એજી અલી અલ્લાહ જે કોઇ માનશે,
તેના પીર તે નબી મહમ્મદ અવતાર;
જે નબીજીની આલ માંહેથી ઉપજશે,
તે પીર મુસલ્લે સાર.—ચેતો૦ ११३
એજી આલ અલીજીની સહી કરી માનશે,
જે થાશે તે ખોજાનો પરીવાર;
સાચે સીદકે તે ચાલશે,
અલી મહમ્મદની આલ ઉપર રાખશે પીયાર.—ચેતો૦ ११४
એજી તેના ઇમાન અમે રાખસું,
જ્યારે વરતસે કલજુગ કલીકાર;
તેને પોતાના કરી રાખસું,
આગળ માહાદન માંહે ઉતારસું પાર.—ચેતો૦ ११५
એજી તારે નબી મહમ્મદ બોલીયા,
તમે સાંભળો પરવરદીગાર;
તમારે ફરમાને અમે ચાલસું,
તમે મેહર કરો સીરજણહાર.—ચેતો૦ ११६
એજી તે અલી મહમ્મદ એક છે,
તેના નામના જુઆ જુઆ વિચાર;
અલી કીરતાર વિષ્ણું કહીએ,
નબી મહમ્મદ બ્રહ્માજીનો અવતાર.—ચેતો૦ ११७

એજી તારે સીરજણહાર એમ બોલીયા,
જેનું નામ પરવરદીગાર;
મહેશ્વર મુરત તે માંહે મીલી,
તે આદમ સફીઅલ્લાનું અવતાર.—ચેતો૦ ૧૧૮
એજી તારે મએરાજ માંએથી મહમ્મદ ઉતરીયા,
તે આવીઆ જ્યાં હતો પોતાનો પરીવાર;
આસણે આવી પરવરીયા,
ત્યાં ભેટીઆ અલી વર દાતાર.—ચેતો૦ ૧૧૯
એજી બીબી ફાતમા જારે મોટા થયા,
ત્યારે વલી હુકમ હુઓ પરવરદીગાર;
હજરત અલીને પરણાવજો,
અને દેજમાંહે દેજો ખોજા ચાર.—ચેતો૦ ૧૨૦
એજી તારે ફરમાન માની નબી મહમ્મદ ઉભા રહ્યા,
જાઇ અલીસું કર્યો વિચાર;
બીબી ફાતમા તમે હક કરો,
એ છે તમારી નાર.—ચેતો૦ ૧૨૧
એજી તારે હઝરત અલીએ હક કર્યાં,
બીબી ફાતમત દીકરી નબી મહમ્મદની સાર;
તારે નબી મહમ્મદ મુસતફા,
આલીઆ દેજમાંહે ખોજા ચાર.—ચેતો૦ ૧૨૨
એજી તે ખોજા ખીજમત માંહે આલીઆ,
તેઓના નામના સાંભલો વિચાર;
અરબી ભાખ્યામાંએ તે હતા,
તે તો ગુજરાતી માંએ કીધા નીરધાર.—ચેતો૦ ૧૨૩
એજી ખાલક ખુદાબક્ષ એ બે જણા,
ત્રીજો તે સાદક સાર;
અબ્દરસુલ એ ચાર જણા,
બીબી ફાતમાને આલીઆ સરદાર.—ચેતો૦ ૧૨૪
એજી તેઓએ ખીજમત કીધી ખાવંદ તણી,
તે ઉમરો સારી સાર;
તેની આખર વેલા જારે આવી,
તારે બીબી ફાતમાએ ધરીઆ પીયાર.—ચેતો૦ ૧૨૫

એજી બીબી ફાતમત તારે બોલીઆં,
તમે સાંભળો હયદરે કરાર;
સારી ઉમરે એઓએ સેવા કરી,
તેનો આપણા ઉપર રહયો છે ભાર.—ચેતો૦ ૧૨૬
એજી તારે હજરત અલી ફરમાવીઆ,
તમે સાંભળો બીબી ફાતમત સાર;
જે કહો તે એઓને આલીએ,
એમ બોલીઆ તે હયદરે કરાર.—ચેતો૦ ૧૨૭
એજી તારે બીબી ફાતમત બોલીઆં,
તમે સાંભળો અલી ભરથાર;
એઓને તમે દુઆ કરજો,
જે એઓને થાએ કુટુંબ પરીવાર.—ચેતો૦ ૧૨૮
એજી તારે હજરત અલીએ ખોજા તેડાવીઆ,
તેઓને પુછીઓ તે સર્વે વીચાર;
આજ જે જોઇએ તે તમે માગજો,
તમને ત્રુઠા તે અલી વરદાતાર.—ચેતો૦ ૧૨૯
એજી તારે ખોજો ખાલેક એમ બોલીઓ,
તમે સાંભળો પરવરદીગાર;
તમ ત્રુઠે અમને સરવે થાયશે,
તમે કાયમ છો કુદરતના દાતાર.—ચેતો૦ ૧૩૦
એજી અમારૂં ઇમાન સાબત રાખજો,
જેથી ઉતરીએ પેલે પાર;
બીજું એટલું અમે માંગીએ,
જે વારોવાર હોવે તમારો દીદાર.—ચેતો૦ ૧૩૧
એજી સેવા તમારી નવ ચુકીએ,
એવી મહેર કરજો અલી-વર કીરતાર;
આલ અમારી કાંઇ નથી,
જેથી કેડે ચાલે અમારો પરીવાર.—ચેતો૦ ૧૩૨
એજી અમે ચાર જણ ઇસ જુગ માંહે આવીઆ,
તેની શાંખ ન રહેશે માંહે સંસાર;
અમારો પીંઢ પોતા તણો,
સાહેબ તમો છો અમારા આધાર.—ચેતો૦ ૧૩૩

એજી એમ કહીને ખોજા રોયા,
તેને નઇણે આવીઆં નીર અપાર;
તારે માતાજી ફાતમત એમ બોલીઆં,
તમે ચીંતા મ કરો લગાર—ચેતો૦ ૧૩૪
એજી તારે ફરી ફાતમત એમ બોલીઆં,
તમે સાંભળો હઝરત ભરથાર;
તમે દુઆ કરો એઓને મેહેરસું,
જેમ થાય એઓને પુત્ર ને પરીવાર.—ચેતો૦ ૧૩૫
એજી ભાગા તે નર સાજા થયા,
એમ દુઆ કીધી અલી દાતાર;
તેને લઇને પરણાવીઆ,
ઉતમ વરણ માંહે સાર.—ચેતો૦ ૧૩૬
એજી તે ચારેઇ ખોજાને પરણાવીઆ,
તે માંહે એકનું નહિ પરીવાર;
તેણે તે કાંઇક ઓછું કરી જાણીઉં,
અલી જનાબ પરવરદીગાર.—ચેતો૦ ૧૩૭
એજી ચારે ખોજાને પરણાવી કરી,
આલેઆ તેઓને ધરમ આચાર;
તે ચારેઇને આઝાદ કરીઆ,
એમ હુકમ કીધો અલી વરદાતાર.—ચેતો૦ ૧૩૮
એજી હવે અમે તમને આઝાદ કરીઆ,
તમે જાઓ તે પાસે સરદાર;
તેને ફરમાને તમે ચાલજો.
તો પામશો મોક્ષ મુકત દીદાર.—ચેતો૦ ૧૩૯
એજી તારે ચારે ખોજા નબીજી પાસે ગયા,
અમને ત્રુઠા તે અલી વરદાતાર;
હવે અમને લઇ તમને સોંપીઆ,
હવે તમથી ઉતરીએ પાર.—ચેતો૦ ૧૪૦
એજી તારે નબી મહુંમદે બોધી તેઓને મુરીદ કર્યા,
તેને દેખાડીઆ સત ધરમના આચાર;
અલી તે માનજો અલ્લાહ કરી,
તે મુખ ખરી દસોંદ દેજો સાર.—ચેતો૦ ૧૪૧

એજી દશોંદ દસમી પતી કહીએ,
તે દેજો નર અલીજીને આહાર;
ચાલીઓ અમારો આલજો,
પીર મુરીદનું એ છે વેવાર.–ચેતો૦ ૧૪૨
એજી અલી તે અલ્લા કરી માનજો,
પીર તે નબી મહંમદ સરદાર;
અમારે ફરમાને તમે ચાલજો,
તો તમારા વાધશે પુત્ર ને પરીવાર.–ચેતો૦ ૧૪૩
એજી તેની એંધાણી તમને દઉં,
તેનો તમને કહું છું વીચાર;
આલ તમારી જે થાયશે,
પુત્રી પુત્ર ને પરીવાર.–ચેતો૦ ૧૪૪
એજી તેને તમે લઇ કરી ચાલજો,
તે પરવત ઉપરે સાર;
તેને ત્યાંથી તમે મેલજો
અલી અલ્લા કહી તેને આધાર.–ચેતો૦ ૧૪૫
એજી તે અલી અલ્લા સહી હશે,
તો તમારાં ઉગરશે પુત્ર ને પરીવાર;
તો એ નરને શ્રેવજો સતસું,
દસોંદ દેજો એ નરજીને સાર.–ચેતો૦ ૧૪૬
એજી નર અલીજીને દસોંદ જો તમે આલસો,
તો તમારા વાધશે રીધ્ધી સિધ્ધી (નાણું) પુત્રને પરીવાર;
ઇમાન સલામત તેના રાખશે,
આપણો નર અલી છે સીરજણહાર.–ચેતો૦ ૧૪૭
એજી ત્યાંથી આલ તમારી જુગમાંહે ચાલશે,
તેને સંસો નહિરે લગાર;
જે જીવ સતપંથ ધરમ પીછાણશે,
જ્યાં સુધી આવશે કીયામત રોજની સંભાર.–ચેતો૦ ૧૪૮
એજી તમારી આલ જે થાશે,
તેનું આ સતપંથસું રહેશે વહેવાર;
નર અલીજીને તે સહી કરી માનશે,
પીર નબી મહંમદ તે મુસલ્લે સાર.–ચેતો૦ ૧૪૯

એજી કલજુગ સંધે બીજાને બોધશે,
જે થાશે અમારો પરીવાર;
તે માંએ થર થર કોઇ કોઇ રહેશે,
એવો કલજુગનો કઠણ થાશે વેવાર.—ચેતો૦ ૧૫૦
એજી તારે ક્રીયાના હીણા જીવ ડુલશે,
જે મેલશે સતપંથ ધરમનો આચાર;
આ સતપંથ મેલી બાહેર જાએસે,
અને કરશે જુઠ નીંદાને કુડા ચડાવશે આળ.—ચેતો૦ ૧૫૧
એજી તે દરે દીવાને વાતું કરશે,
આપણા ધરમ મારગનો વીસ્તાર;
તેતો દસોંદ દેતા ઓછું આણશે,
તેના જીવ તે થર નહિ રહેશે લગાર.—ચેતો૦ ૧૫૨
એજી ત્યાં તે તમારી આલના જે હશે,
તેની નર અલીજી કરશે વાર;
ઇમાન સાબત તેના રાખશે,
જારે આવશે કલજુગ સંધની વાર.—ચેતો૦ ૧૫૩
એજી કરી સલામ તારે ઉઠીયા,
નબી મહંમદ પાસેથી ખોજા ચાર;
તેણુ જઇ પોતાનો ઉદ્યમ કરીઓ,
દેતા દસોંદ ખટીઆની સાર.—ચેતો૦ ૧૫૪
એજી સતગુરૂ નબીજી અલીજીને ફરમાને ધરમ આલીઓ,
તેનો વાધીઓ તે રીદ્ધિ સિદ્ધિ ને પરીવાર,
તેના બાળક જારે ઉપજે તારે;
પરવતથી હેઠે મેલે સાર.—ચેતો૦ ૧૫૫
એજી એરે આચાર આજ દીન લગી,
તે ભુખ્યા તરશાયા નહીરે લગાર;
તેની આલ આજદીન લગી,
તે નબી મહંમદ બોધીઆ ખોજા ચાર.—ચેતો૦ ૧૫૬
એજી તે તો અસલ ધરમસું સાબત રહેઆ,
નહિ મેલીઓ તે ધરમ આચાર;
તેઓએ આ સતપંથ ગુપ્ત આરાધીઓ,
તે પંથનો પડદો ફાસ ન કીધો લગાર.—ચેતો૦ ૧૫૭

એજી તે દસોંદ સુકરીતે પુરા રહ્યા,
જુઠ નીંદા ન કીધી લગાર;
તેને તે દોએલું કેમ હોવે,
જે આલે દસોંદ સતગુરૂ મુખે આહાર.—ચેતો૦ ૧૫૮
એજી એરે ખોજા સતપંથમાંહે આવીઆ,
જારે હતી નબી મહમ્મદની વાર;
ત્યાંથી સતપંથ ચાલીયો,
તેતો જાહેર કીધો નબી મહંમદને પરીવાર.—ચેતો૦ ૧૫૯
એજી અલી નબીજીની કળા માહેથી ઉપના
ઈમામ હસન હુસેન પરીવાર;
તેના કુળ માંહેથી ઉપના;
હઝરત ઝએનુલ આબદીન અવતાર.—ચેતો૦ ૧૬૦
એજી ત્યાંથી આલજ ચાલીઆ,
તે તો અવતારે અવતાર;
તેને શ્રેવંતા જે ભુલશે,
તે તો જાશે નરક દ્વાર.—ચેતો૦ ૧૬૧
એજી અલી નબીથી એ સતપંથ ચાલીઆ,
તેને શ્રેવીએ ગુપ્ત અપાર;
અથરવેદી આ પંથ કહીએ,
તે તો ખોજીઆ કુરાન મીંજાર.—ચેતો૦ ૧૬૨
એજી દસ સીપારા કુરાનના,
તેનુ આ અથરવેદજ સાર;
તે ગુપ્ત સતપંથ રાખીએ,
આરાધીઆ તેતો પામીઆ મોક્ષ મુકત દીદાર.—ચેતો૦ ૧૬૩
એજી અનંત કલપ અનંત જુગ વહી ગયા,
તે માંહે જીવ ઉધરીઆ અપાર;
આ કલજુગ માંહે અલી નબીજી આવીયા,
તે પણ કરવા જીવોની સંભાર.—ચેતો૦ ૧૬૪
એજી તેને ફરમાને જે જીવ ચાલશે,
તે જીવ પામશે મોક્ષ દીદાર;
ચારા ચરબટ જે જીવ શીખશે,
તે તો જાશે નરક દ્વાર.—ચેતો૦ ૧૬૫

એજી આદ ઉણીઆદેથી એ સત ધરમ છે,
ચાર કલપ ને ચાર જુગમાંહે સાર;
જખ નવાણું કરોડ પહેલા કલપ માંહે,
તે તો પામીઆ મોક્ષ મુકત દીદાર.ચેતો૦ ૧૬૬
એજી બીજા કલપ માંહે ઉધરીઆ,
છપન કરોડ મેઘમાલા સાર;
આદ સતગુરૂ બ્રહ્માજીની સેવાએ તે રહીઆ,
તેણુ ઓળખીયો પોતાનો ભરથાર.—ચેતો૦ ૧૬૭
એજી બત્રીસ કરોડ કીનર કહીએ,
તેણુ તો સતગુરૂસું રાખીઓ પુરો વેવાર;
એ જીવ આગળ ઉધરીઆ,
ત્રીજા કલપ માંહે નીરધાર.—ચેતો૦ ૧૬૮
એજી તેત્રીસ કરોડ ધરમી પુરા થયા,
તેતો ચોથા કલપ માહે સાર;
તે સતગુરૂની સેવાએથી નહિ ચુકીઆ,
તે તો પહોતા અમરાપુરી મોજાર—ચેતો૦ ૧૬૯
એજી તે ચોથા કલપ માંહેથી ચાર જુગ થયા,
તેનો કર્તા તે નર અલી દાતાર;
કરતા, ત્રેતા, દ્વાપુર જુગ કરીઆ,
અને ચોથો તે કલજુગ સાર.—ચેતો૦ ૧૭૦
એજી કરતા જુગે રાજા પએલાજ ઉપના,
તેણે સતગુરૂ બ્રહ્માજીની શ્રેવા કીધી સાર;
હરણાકંસ ઘર અવતર્યા,
તેણે તે બાપસું ન રાખીયો વેવાર.—ચેતો૦ ૧૭૧
એજી પીતાએ તેને પરહર્યો,
તે તો જનમીઓ વન મોજાર;
તેની શ્રેવા દીઠી શામીજીએ.
તારે થંભ માંહેથી પ્રગટીઆ દેવ મોરાર.—ચેતો૦ ૧૭૨
એજી પએલાજની વાર શ્રી નરસિંહ આવીઆ,
જારે કસણી તે દીઠી સાર;
માગ માગ પએલાજ શ્રી નરસિંહ ભણે,
તમને ત્રુઠો તે વરદાતાર.—ચેતો૦ ૧૭૩

એજી તારે પએલાજ હરી પ્રત્યે બોલીઆ,
શામી ધન ધન સતગુરૂજી અવતાર;
તેને પ્રતાપે તમે પધારીઆ,
તે સતગુરૂ ઉપરે જાઉં બલહાર.—ચેતો૦ ૧૭૪
એજી જેરે સતગુરૂ થકી અમે :સેવા કરી,
અને પામીઆ તે તમારો દીદાર;
તે સતગુરને પ્રતાપે કરી,
અમને છુટાવો લાખ ચોરાશીના અવતાર.—ચેતો૦ ૧૭૫
એજી સતગુરૂ પ્રતાપે શ્રી નરસિંહ ત્રુઠા,
કરોડ પાંચેસું ઉતરીઆ પાર;
તેતો જીવ અમરાપુરી ગયા,
તેને સેંસો નહિંરે લગાર.—ચેતો૦ ૧૭૬
એજી જુગ ત્રેતા માંહે હરિશ્ચંદ્ર થયા,
તે ઘર તારા રાણી નાર;
કુંવર રોહીદાસ તેનો પુત્ર કહીએ,
તેણે સેવીઆ તે વીષ્ણુ કીરતાર.—ચેતો૦ ૧૭૭
એજી તે માંહે સતી તારા રાણીએ સેવા કરી,
તે સામીજીની રખીઆથી ઉતરીઆ પાર;
તેણે સંગતેથી સતગુરૂ પામીઆ,
તેથી ધરમ માંહે આવીયો હરીશ્ચંદ્ર ભરથાર.—ચેતો૦ ૧૭૮
એજી તે રાજા હરીશ્ચંદ્ર સતગુરૂ સેવાએ રહ્યા,
તેનો પુત્રને ઘરની નાર;
તેણે રાજપાટ સર્વે મેલી કરી,
અને ધીયાઈઆ તે સત ધરમ સાર.—ચેતો૦ ૧૭૯
એજી તેણે હાલ માલ સર્વે દીધા સતગુરૂ નામ,
અને પોતે વેચાણા ઝાપડાને દ્વાર;
તેને ત્યાં સતગુરૂ જઇ મીલીઆ,
જ્યારે દીઠી તે કસણી અપાર.—ચેતો૦ ૧૮૦
એજી તારે વારો હતો શ્રી રામચંદ્રજીનો,
ત્યાં સતગુરૂ બ્રહ્મા વિજેસઠણ સાર;
જેણે એ અવતાર જાણી સેવા કરી,
તે ઉધરીઆ નરને નાર.—ચેતો૦ ૧૮૧

એજી સાત કરોડસું અમરાપુરી ગયા,
તેને સતગુરૂ વિજેસઠણુ ઉતારીઆ પાર;
એવા થઇને ચાલજો રખીસરો,
તમને કહું છું સર્વ વિચાર.–ચેતો૦ ૧૮૨
એજી સતગુરૂ જુગાજુગે આવીયા,
તેણે તો સઉને ધર્મ બતાવીઓ છે સાર;
ચેતણહારા તમે ચેતજો.
આ માનખા અવતાર નહિ આવે બીજી વાર.–ચેતો૦ ૧૮૩
એજી દ્વાપુર જુગે પાંડવ ઉધરીઆ,
તેણે તે રાખીઓ શ્રી કૃષ્ણજીસું અતી પ્યાર;
માતા કુન્તાજીના તે સુત કહીએ.
સતિ દ્રોપદીજીના ભરથાર.–ચેતો૦ ૧૮૪
એજી ધરમ ભીમ અરજુન કહીએ,
સહદેવ નીકુળ યોદ્ધા અપાર;
તેણે કુરૂક્ષેત્ર માંહે યુદ્ધ કરીઆ,
કોરવાને પાંડવે દીધી ઘણી માર.–ચેતો૦ ૧૮૫
એજી અઢાર ક્ષોણ ત્યાં આવટી,
તે માંહે એઓને આંચ ન આવી લગાર;
એવા યોદ્ધા તે મહા બળવંત હુઆ
તેનું રખીસરો તમે સાંભળો વીચાર.–ચેતો૦ ૧૮૬
એજી તેને સતગુરૂ વીદુરવ્યાસ જારે મલીઆ,
તારે મેલાવીઓ સરવે સંસાર;
હસનાપુરી નગરીના તે રાજા હુતા,
તેતો સતગુરૂ વચને મેલી ગયા વન મોઝાર.–ચેતો૦ ૧૮૭
એજી માતા કુંતા સતી, દ્રોપદી,
યોદ્ધા પાંચેઇ પાંડવ સાર;
તેણે સેવા કીધી સાથા સતગુરૂ તણી,
તારે તે સતે ઉતરીઆ પાર.–ચેતો૦ ૧૮૮
એજી તેણે ઉધરવા કારણ કરીયું એટલું,
મેલીઆ રાજપાટ સરવે સંસાર;
તેઓને સતગુરૂ વીદુરવ્યાસે વાણી કહી,
તે ઉપરે ચાલીઆ પુરે વેવાર.–ચેતો૦ ૧૮૯

એજી તારે સતગુરૂ વીદુરવ્યાસ પ્રસન થયા,
જુજેસઠણ ઉપર રાખીઓ અતી પીયાર;
તારે નવ કરોડ જીવની મયા કરી,
જે સતગુરૂની સેવાએ હુતા નીરધાર.—ચેતો૦ ૧૯૦
એજી તે સેવા જાણી રખીસરો તણી,
તેનો મુખી રાજા જુજેસઠણ સાર;
તે નવ કરોડ જીવ અમરાપુરી ગયા,
સતગુરૂ વચને પાંડવ પોતા વઇકુંઠ મોજાર.—ચેતો૦ ૧૯૧
એજી એવું જાણીને ચાલજો રીખીસરો,
આગળ છે દોયલા પાર;
તે સતગુરૂ બ્રહ્માજી જુગાજુગે આવીઆ,
તેની વાણીથી સઉ કોઇ ઉતર્યા પાર.—ચેતો૦ ૧૯૨
એજી અનંત કલપ આગે વહી ગયા,
બીજા જુગનું નહિ કોઇ શુમાર;
તે માંહે જે જીવ સતગુરૂ ફુરમાને ચાલીઆ,
તે જઇ પોતા * સ્વર્ગ દ્વાર.—ચેતો૦ ૧૯૩
એજી ત્રણ જુગ આવી પુરા થયા,
હુવે આવી તે ચોથા કલજુગની વાર;
આગે જે જીવ નહી ચેતીયા,
તેણે તે લીધો આ જુગમાંહે અવતાર.—ચેતો૦ ૧૯૪
એજી આદ નીરીંજન અલી કહીએ,
સતગુર બ્રહ્મા નબી મહુમદનો અવતાર;
તેને ફુરમાને જે જીવ ચાલશે,
તે જીવ ઉતરશે પેલે પાર.—ચેતો૦ ૧૯૫
એજી તેનો પરીવાર ગુપ્ત ચાલીઓ,
અમારે તે સાથે પ્રીત અપાર;
અલી નરવર તારે અમે પામીઆ,
જારે સેવા તે કીધી અપાર.—ચેતો૦ ૧૯૬
એજી નુર સતગુરે પ્રથમ જાહેર થયા,
તે પણ પામીયા એ ઘર મીંજાર;
તેણે સેવા કીધી નર અલી તણી,
તારે આલીઓ સતપંથ સાર.—ચેતો૦ ૧૯૭

એજી તારે સતગુર નુર પ્રબોધ કરી,
તેણે આપીયો ધરમ સંભાર;
એ વીરા મારા ભાઇ તમે સાંભળો,
સતગુરજી કહે છે પુકાર.—ચેતો૦ ૧૯૮
એજી તેણે બોધીને ખોજા કરીઆ,
અને આપીઓ તે ધરમ આચાર;
ત્યાંથી સતપંથ ચાલીઓ,
દસોંદ તણો વેવાર.—ચેતો૦ ૧૯૯
એજી પીર સતગુર નુર ત્યાંથી ચાલીઆ,
નબી મહુમ્મદતણો પરીવાર;
તે નુર સતગુર અરશ માંહેથી ઉતરીઆ,
તેતો ઉતરીયા પાટણ મીંજાર.—ચેતો૦ ૨૦૦
એજી ખેલ રમત તેણે અતી કરી,
બોધીઆ રાજા પ્રજા સાર;
રાણી પાલણદે પરણીયા,
તે તો નબી મહુમ્મદનો પરીવાર.—ચેતો૦ ૨૦૧
એજી નુરેથી નુરજ ચાલીઆ,
પીર સલાહદીન તેનું અવતાર;
તેણે પીરશાહાનું જાપ જપાવીઆ,
હાજર જોમું તે દેખાડીઓ નીરધાર.—ચેતો૦ ૨૦૨
એજી તે પીર સલાહદીન પરબોધીઆ,
દાન લેતા તે ખાટેઆની સાર;
સતગુરને વાયેક જે સુધા ચાલીઆ,
તેણેથી વાધીઓ ધરમ આચાર.—ચેતો૦ ૨૦૩
એજી પીર સલાહદીનના શમસદીન ઉપના,
તેતો ચાલીઆ તબરેજ મુલક મીંજાર;
તે જે પીર શમસદીન ધરમ ચલાવીઆ,
તે રખીસર પાસેથી લીધો આહાર.—ચેતો૦ ૨૦૪
એજી તે તબરેજ મુલકમાંહેથી સીધારીયા,
પીર શમસ ચોટ વર દાતાર;
તેતો ફીરીઆ મુલક ચોવીસ માંહે,
ત્યાં બોધીયા મુરીદ અપાર.—ચેતો૦ ૨૦૫

એજી તે ફરતા ફરતા ગયા આહુા ચીણમાં;
ત્યાં બોધીઆ સુરજા રાણી નાર;
કમલા કુંવર તેનો સુત કહીએ,
દઇત કાલીંગો તેનો ભરથાર.—ચેતો૦ ૨૦૬
એજી સતગુર શમસદીન પરબોધીઆ,
અને વતાવીઓ તે ધરમ આચાર;
ખાટી કરી તે માંહેથી આપજો,
અને દસોંદ તે ગુર મુખે આહાર.—ચેતો૦ ૨૦૭
એજી હુક કમાઇ કરી જો આપશો,
તો પહોંચશે સતગુર મુખે આહાર;
ગેર હુકનું જો ગુરને આપશો,
તેનો તમ માથે રહેશે ભાર.—ચેતો૦ ૨૦૮
એજી ચાર પોહોર દીનનો ધંધો કીજીએ;
તે માંહેથી ખાટીઆની ગુર મુખે દીજે સાર,
સંતોષ કરીને બેશીએ,
બાકી રાતના પોહોરજ ચાર.—ચેતો૦ ૨૦૯
એજી તે માંહે ખટ ઘડી પાછલી,
તેતો કહીએ બંદગીની સાર;
એટલી ફરજ તમે પાળજો,
તો ઉતરશો પેલે પાર.—ચેતો૦ ૨૧૦
એજી રાત દીવસનો હીસાબ ગુરે કરી આપીઓ,
તે માંહે શક મ આણુસો લગાર;
આ દીનનો ધંધો ,તેનો ધન ઠરીઓ,
રાતની ખટ ઘડી કરીએ બંદગી વેપાર.—ચેતો૦ ૨૧૧
એજી જયાં જામો ત્યાં કરજો એટલું,
તો પોહોંચે સતગુર મુખે આહાર;
એ માંહે ઓછું કરશે જેટલું,
તેનો તમ પર રહેશે ભાર.—ચેતો૦ ૨૧૨
એજી એટલી ફરજ સતગુરે કહી,
નીંદા જુઠ મ કરજો લગાર;
વાદ વિરોધ કોઇ સાથે મ કરજો,
નમતા ખમતાનો રાખજો વેપાર.—ચેતો૦ ૨૧૩

એજી સતગુરનું ફરમાન માની કરી,
ધરમ લીધો તે સરવે સંસાર;
ત્યાં સાડીસાત કરોડ ધરમી પુરા થયા,
તેનો કમલા કુંવરને કીધો સરદાર.—ચેતો૦ ૨૧૪
એજી સતગુર શમસ ત્યાંથી ચાલીઆ,
તે તો આવીઆ ઉંચ મુલક મીંજાર;
ત્યાં સતગુરને કેણે નહિ ઓળખીઆ,
ત્યાં બાવદીને માને સરવે સંસાર.—ચેતો૦ ૨૧૫
એજી લોક મુરીદ સરવે બાવદી તણાં,
અને સતગુરને તો ઉતારાનું નહી ત્યાં ઠાર;
ત્યાં ફીરતા ફીરતા ગયા એક મેતમાં (મસજીદમાં),
ત્યાં જઇ નીમાજ કીધી તેણીવાર.—ચેતો૦ ૨૧૬
એજી ત્યાં એક બાલક આવીઓ,
તેણે તે સતગુરસું રાખીઓ પીયાર;
રાતને દિવસ સતગુર સાથે રહે,
તે તો પાદશાહનો પુત્રજ સાર.—ચેતો૦ ૨૧૭
એજી એક દીન સતગુરજી નીસરીઆ,
અને સહેલ કરવાને સતગુર બહાર;
તે રમતા રમતા આવીઆ,
જ્યાં હતો તે દરીયાનો કીનાર.—ચેતો૦ ૨૧૮
એજી ત્યાં સતગુરને મને એમ ઉપનું,
દીઠું દરીઆનું નીરજ સાર;
તારે કાગળ કાઢીઓ દુસ્તાર માંહેથી,
તેની માતમી કીધી છે તેણી વાર.—ચેતો૦ ૨૧૯
એજી તે માતમી લઇ પાણીમાં મેલી,
તે માંહે સતગુરજી તે પોતે થયા અસવાર;
સેહેલ કીધી તે શાહેર તણી,
તે માંહે બેઠા તે કેટલીક વાર.—ચેતો૦ ૨૨૦
એજી તારે બાવદી બેઠા માળીએ,
તેણે ગોખથી જોયું તેણી વાર;
માહા સમુદ્ર માંહે દીઠી માતમી,
અને દીઠો તે કાગળનો આકાર.—ચેતો૦ ૨૨૧

એજી તારે બાવદીને વીમાસણ ઉપની,
આ માતમીમા કોણ છે સાર;
આ કાગળ બેડીએ કોણ સહેલ કરે,
એવો પુરૂષ ન સુજે માંહે સંસાર.—ચેતો૦ ૨૨૨
એજી તારે બેડી તે લાગી ભીંજવા,
સતગુરે નીરખીઓ તેણી વાર;
તારે બેડી તે રહી ગઇ ભીંજતા,
સતગુરે તે મન માંહે કીધો વીચાર.—ચેતો૦ ૨૨૩
એજી કોણ અધરમી આણે સમે,
અને જોઇ મારી માતમી સાર;
તાંતો મુસ્તક ઉંચો કરી જોયું,
તાંતો દીઠો બાવદી ગોખની બહાર.—ચેતો૦ ૨૨૪
એજી તેનું ધડ માંહે ને માથું બહાર હતું,
તેને પીરે તે દીધો શ્રાપ તેણીવાર;
શીંગડાનો શ્રાપજ આપીઓ,
તે તો થયા તેણીવાર.—ચેતો૦ ૨૨૫
એજી તેનું માથું તે માંહે નહિ ગરે,
તે તો રહયું છે ગોખથી બહાર;
તારે તે બાવદી ધ્રુજીઆ,
આ તો કોઇ દીસે છે કીરતાર.—ચેતો૦ ૨૨૬
એજી સહેલ કરીને જ્યારે ઉતર્યા,
તારે માતમી મેલી સાહેરથી બહાર;
ત્યાંથી સતગુરૂ ચાલીઆ,
તે તો આવ્યા તે નગર મોજાર;—ચેતો૦ ૨૨૭
એજી તારે બાવદીને વીમાસણ ઉપની,
જેનું માથું રહ્યું ગોખથી બહાર;
તેણે તે પુછા કીધી શાહેરમાં
કોઇ પુરૂષ આવીઓ આપણા શહેર મોજાર—ચેતો૦ ૨૨૮
એજી તારે ખોજી ખોજીને કાઢીઓ,
આવી પુછીયું મેતને બહાર;
ઈયાં કોઇ મુસાફર ઉતરીઓ,
તેનું દશ કોઇ દીએ યાર.—ચેતો૦ ૨૨૯

એજી તારે એ મેત માંહેથી આવીઓ છોકરો,
તેનો ચીરસું અતી પ્યાર;
તેણે આવીને એમ કહ્યું,
એક પુરૂષ બેઠો મએત મોજાર.—ચેતો૦ ૨૩૦
એજી તારે તે માણસ માંહે આવીઓ,
તેણે આવીને કીધા પીરના દીદાર;
તારે સલામ કરીને ઉભો રહ્યો,
જ્યારે દીઠો તે સાહેબ સરજણહાર.—ચેતો૦ ૨૩૧
એજી કરી સલામ તેતો પાછો વળીઓ,
ગયો બાવદી તણે દ્વાર;
તે જેટલી દીઠી તેટલી જઈ કહી,
પુરૂષ એક આવીઓ તે બેઠો મએત મોજાર.—ચેતો૦ ૨૩૨
એજી તારે બાવદીએ પુત્રને તેડાવીઓ,
સાંભળો કહું વાતનો વીચાર;
એવો હવાલ અમારો થયો,
ધડ માંહે ને માથું છે બહાર.—ચેતો૦ ૨૩૩
એજી પુરૂષ એક આવીઓ શાહેરમાં,
તેનો ઉતારો છે તે મએત મોજાર;
અરદાસ કરો તે જઇ આગલે;
અમારી તકસીરનો નહિ કોઇ પાર.—ચેતો૦ ૨૩૪
એજી શેખ સદર તે પુછીયું,
પીતા બાવદીને વળી વીચાર;
તમ માથે શીંગડા કેમ થયા,
તેનો ભેદ કહો નીરધાર.—ચેતો૦ ૨૩૫
એજી તારે બાવદી મુખમાંથી બોલીઆ,
સાંભળો કહું છું એ વાતનો વીચાર;
એ પુરૂષ માતમીએ બેસી કરી,
કરતા દરીઆની સહેલજ સાર.—ચેતો૦ ૨૩૬
એજી તે માતમી બનાવી કાગળ તણી,
તે માંએ પાણી ન પેસે લગાર;
તે સામું અમે જોયું,
તારે ભીની થઇ હશે સાર.—ચેતો૦ ૨૩૭

એજી તારે પુરૂષના મનમાંહે એ ઉપની,
તેણુથી એરે થયો ઇસરાર;
માથું તે માડી માંહે નહીં ગરે,
તેતો રહીયું છે ગોખથી બહાર—ચેતો૦ ૨૩૮
એજી હવે તે જાઓ પુરૂષ કને,
જઇ સાંભળો સરવે વાતનું વિચાર;
એની દુઆએ ફજલ થાશે,
અને માથું આવશે ગોખ મોજાર.—ચેતો૦ ૨૩૯
એજી શેખ સદર તારે ચાલીઆ,
તે હતો બાવદ્દીનો પરીવાર;
તેણુ એક માણુસ ભેળો લીધો,
તેતો આવીઆ મએત મોજાર.—ચેતો૦ ૨૪૦
એજી તારે સતગુરૂજી સામે બેઠા હતા,
તેનો શેખ સદરે તે દીઠો દીદાર;
તારે સલામ કીધી સતગુરૂજીને,
નમી હાથ બાંધીને કીધી પુકાર—ચેતો૦ ૨૪૧
એજી તારે શ્રી સતગુરે એમ પુછીઆ,
શું કામ છે તેનું કહોને વીચાર;
આ કયાંથી તમે આવીઆ,
કોણુ તાત તમારો સાર.—ચેતો૦ ૨૪૨
એજી તારે શેખ સદર એમ બોલીઆ,
અમે રહીએ એ નગર મોજાર;
તાત અમારો છે બાવદ્દી,
અમે બે ભાઇ તેના પરીવાર—ચેતો૦ ૨૪૩
એજી તારે સતગુરૂજી બોલીયા,
પીર શમસ વર દાતાર;
આ સું તમે બે ભાઇઓનું નામ છે,
અને કોણુ તમારૂં છે પરા[illegible]—ચેતો૦ ૨૪૪
એજી તારે શેખ સદર એમ બોલીઆ,
તમે સાંભળો [illegible]ર;
શેખ[illegible] સદર અમને કહે છે,
બીજો રૂકન અમથી નાનેરો [illegible]—ચેતો૦ ૨૪૫

એજી હવે તમ કીરપાએ અમે છુટીએ,
બાવદીનું મુસ્તક રહીયું છે ગોખથી બહાર;
તેની ઉપરે તમે કીરપા કરો,
તમો છો ગુનાહના બક્ષણહાર.–ચેતો૦ ૨૪૬
એજી તારે સતગુરે સહી કરી પુછીઆ,
અમને તે વાતનુ કહોને વીચાર;
આ કેણી રીતે તારા તાતનું,
મસ્તક રહીઓ છે ગોખથી બહાર.–ચેતો૦ ૨૪૭
એજી તારે અરજ કરીને શેખ સદર બોલીઆ,
સાહેબ તમે સહેલે ગયા દરીયાને પાર;
તારે બાવદી બેઠો હતો ગોખમાં,
તેની નજર પડી ગઇ તેણીવાર.–ચેતો ૨૪૮
એજી તારે ગરે તે માંહે ગરાએ નહી,
અને માથું રહ્યું ગોખથી બહાર;
તેની અરજ અમે લાવીઆ,
તમે મેહેર કરોને દાતાર.–ચેતો૦ ૨૪૯
એજી તારે સતગુરૂ શમસ બોલીઆ,
અમને હતી તે રીશ અપાર;
માતમી મારો માંહે પાણી આણીયું,
તારે એ શીંગડા કીધા તત્કાળ.–ચેતો૦ ૨૫૦
એજી હવે શેખ સદર તમે આવીઆ,
તારે હવે મસ્તક આવશે ગોખ માંઝાર;
શીંગડા છે તે સમાઇ જશે,
પણ મટશે નહીં તે ભવાભવનો આકાર.–ચેતો૦ ૨૫૧
એજી તમારી આલનુ જે હશે,
તેને માથા માંહે હશે શીંગડાનું આકાર;
એટલી એંધાણિ છે અમતણી,
હશે તે બાવદી તણો પરિવાર.–ચેતો૦ ૨૫૨
એજી સલામ કરીને શેખ સદર ચાલીઆ,
તેતો આવીઆ પોતાને દ્વાર;
તારે બાવદી માડી માંહેથી ઉતર્યા
તેણે પુછીયો તે સરવે વીચાર.–ચેતો૦ ૨૫૩

એજી તારે બાવદીને ચીંતા ઉપની,
તેને સેંસો તે આવીઓ અપાર;
એનું ને અમારૂં કેમ ચાલશે,
શહેર તે ઉંચ મોઝાર.—ચેતો ૨૫૪
એજી શેખ સદરને તેણે કહ્યું,
મનમાં તે કરી વીચાર;
એને આપણે કેમ થાલશે,
આ મુલક તે ઉંચ મીંજાર.—ચેતો ૨૫૫
એજી આ વાટકો ભરી આપું ખીરનો,
તેતો જઈ આપો સઈયદને સાર;
તેતો વાટકો દઈ પાછા આવજો,
કાંઈ વાત મ કરજો લગાર.—ચેતો૦ ૨૫૬
એજી દુધનો વાટકો તે બરાબર ભરીઓ,
તે માંહે ખાલી તે નહિરે લગાર;
શેખ સદરે તે ઉપાડીઓ,
તે આણી આલીઓ સતગુરૂજીને સાર.—ચેતો૦ ૨૫૭
એજી તેતો આણી ઉભો અરજ કરી,
સતગુરૂ સામું તે તેણીજ વાર;
અમારે પીતાએ તમને મુકીઓ,
તમે લીઓ તે સાહેબ દાતાર.—ચેતો૦ ૨૫૮
એજી તારે સતગુરે સામું જોઇ કરી,
ઉભો રાખીઓ તેણેજ ઠાર;
અરશામાં હાથ ઉંચો કરી,
ફુલ મંગાવીઆ તેણીજ વાર.—ચેતો૦ ૨૫૯
એજી તે લઈ નાંખીઆં દુધમાં,
મુખથી કહીઓ એહરે વીચાર;
જઇ દેજો તારા બાપને,
કેજો સેંસો મ કરજો લગાર.—ચેતો૦ ૨૬૦
એજી બીજી વારે હાથ ઉંચો કરીઓ,
તે માંહે ખાક આણી તે સાર;
તેના ત્રણ ભાગ સતગુરે કરીઆ,
સઉ સઉને નામે કરી દીધો તેણીવાર.—ચેતો૦ ૨૬૧

એજી શેખ સદર ત્યાંથી ચાલીઆ,
સતગુરને હજીરથી બહાર;
દુધ ખાક ત્યાંથી લઇ ચાલીઆ,
તેતો જઇ આપી પીતા બાવદીને સાર.—ચેતા૦ ૨૬૨
એજી તે બાવદીએ લઇ ભોંય ધરીયા,
દુધ ફુલ ખાક તેણીરે વાર;
તારે તે શેખ સદરે પુછીયું,
અમને પીતાજી કહોને વીચાર.—ચેતા૦ ૨૬૩
એજી કેવી રીતે તમે દુધ મેલીયું,
સઇયદને રે દ્વાર;
તે માથે લઇને ફુલ ધરીઆ,
મુખસું કહીયું કે સેંસો મ કરજો લગાર.—ચેતા૦ ૨૬૪
એજી તારે તે બાવદી બોલીઆ,
એ માંહે તમે સમજીઆ નહી લગાર;
અમે એને એમ કહી મુકીયું,
ઉંચ માંહે બોલીઆ છે બોહોત અપાર.—ચેતા૦ ૨૬૫
એજી તારે એણે એમ કહી મુકયું,
દુધ માથે ફુલનું કાંહે ભાર;
એવી રીતે અમે અહીં રહેશું,
તેનો સેંસો મ ધરજો લગાર.—ચેતા૦ ૨૬૬
એજી શેખ સદર વળી પુછીયું,
આ ખાકનો તે શો વીચાર,
તેની વાત તે બાહાર નહિ કરી,
બાવદીના મનમાંહે તે ઉપનો કાહાર.—ચેતા૦ ૨૬૭
એજી સઉ સઉને થાનકે બેશી રહયા,
બાવદીને સેંસો નહી મટે લગાર;
તેતો અંતરે અદેખાઇ આણે ઘણી,
તેતો આપણા મજહબનું ઈસરાર.—ચેતા૦ ૨૬૮
એજી તેતો ત્રણ યારને માને નહી,
તેતો અલી નબીનું પરીવાર;
તે દીનથી છેટા પડીઆ,
જે દીન અલી નબીજીની વાર.—ચેતા૦ ૨૬૯

એજી તે માંહે અંધા ન જાણે એટલું,
જે પંજતન સરીખા કેમ થાશે ત્રણ ચાર;
જેને કુદરત માંહેથી કીતાબ ઉતરીઆ,
બીજું આવીઓ દુલદુલ ને જુલફીકાર.—ચેતો૦ ૨૭૦
એજી ચાદર અરશ માંહેથી ઉતરી,
તેણે ઢાંકીઆ પાંચેઈ પંજતન સાર;
હુરાઉં અરશથી ઉતરીયું,
તેતો બીબી ફાતમાના ઘર મીંજાર.—ચેતો૦ ૨૭૧
એજી જાહેર કરામતું દેખાડતા,
તેતો દીઠીયું કેટલીક વાર;
મુશરક તોએ માને નહી,
મોઢે કહે દીન અંતરે ન આણે ઇતબાર.—ચેતો૦ ૨૭૨
એજી પીર શમસ બેઠા મએતમાં,
ત્યાં એક બાળક તેણે ધરીઓ પીઆર;
આવી કજા તેને એમ થઇ,
તે પોહોતો સાહેબને દરબાર.—ચેતો૦ ૨૭૩
એજી તેતો પુત્ર પાદશાહ તણો,
તેતો રહેતા ઉંચ નગરી મીંજાર;
તારે પાદશાહને સંસો ઉપનો,
તેણે કીધો તે મનમાંહે વીચાર.—ચેતો૦ ૨૭૪
એજી આગે અમે એમ સાંભળીયું,
જે માણસ મુવું જીવાડે પએકાંબરનો પરીવાર;
તેણે તે મુવું માણસ ઘરમાં મેલી કરી,
તેડાવીઆ કાજી મુફતી તેણી વાર.—ચેતો૦ ૨૭૫
એજી તે કાજી મુફતીને તેડી કરી,
અને કહ્યું એરે વીચાર;
અમે તમને રોજ ખવરાવતા,
તમે અમ પાસે પડતા તે ઇલમ સાર.—ચેતો૦ ૨૭૬
એજી તે માંય તમે એમ કહેતા,
જે મુવું માણસ જીવાડે પએકાંબરનો પરીવાર;
તે માટે હવે તેને એમ કરો,
મુવુ માણસ પડયું છે અમારે દ્વાર.—ચેતો૦ ૨૭૭

એજી તેને તમે જઈ જીવતો કરો,
નહીતો હું પીડીશ તમને ને તમારા પરીવાર;
તારે કાજી મુક્તી અરજ કરે,
પડો નાંખો તે નગર મીંજાર.—ચેતો૦ ૨૭૮
એજી તારે પડો ફેરાવીઓ શાહેરમાં,
તે કોઈ આવે પએકાંબરનો પરીવાર;
તારે શાહેર સઘળો ભેળો થયો,
કેણેથી નવ ઉઠીયો એ બાળ.—ચેતો૦ ૨૭૯
એજી તારે માંહોમાંહે બેઠા વાતું કરે,
તેને મને તે બહુરે જંજાલ;
આપણને પાદશાહ પીડશે,
સઉનું કાઢશે તે નખોદજ સાર.—ચેતો૦ ૨૮૦
એજી તારે સરવે શાહેરને સેંસો પડીઓ,
તે માંહે એકને તે ઉપનો વીચાર;
એક મરદ બેઠો છે મએતમાં,
તેને તેડી લાવો પાદશાહને દ્વાર.—ચેનો૦ ૨૮૧
એજી તારે સરવે કચેરી ઉઠી કરી,
તે તો આવીઆ મએત મીંજાર;
સતગુર શમસ ત્યાં બેઠા હતા,
તાંસું કરીઓ તે સરવે વીંચાર.—ચેતો૦ ૨૮૨
એજી સતગુર આગળ સઉ વીનતી કરે,
પાદશાહ પીડશે અમને ને અમરા પરીવાર;
તે માટે સાહેબ તમે કૃપા કરો,
અને ઉઠાડો તે પાદશાહનો બાળ.—ચેતો૦ ૨૮૩
એજી સતગુર શમસ તારે પુછીયું,
આ શાહેરમાંહે નહી કોઇ પએકાંબરનું પરીવાર;
જેણેથી એ બાળક ઉઠે,
જે છે પાદશાહનો પરીવાર.—ચેતો૦ ૨૮૪
એજી અમેરે ગુલામ નબી મહમદ તણા,
શીયો છે અમારો ભાર;
જે ઓલીઆ ઇસ નગર તણા,
તેને પુછીને કરો તકરાર.—ચેતો૦ ૨૮૫

એજી જેટલા હતા તેટલા બોલીઆ,
સાહેબ અમે પુછીયું તે શહેર અપાર;
હવે માત તાત તમે થાઓ,
તો ઉગરીએ અમે ને અમારાં પરીવાર.—ચેતો૦ ૨૮૬
એજી તારે મહેર કરીને મુરશીદ ઉઠીયા,
તે તો આવીયા પાદશાહને દ્વાર;
બાંહ ગ્રહીને બાળક ઉઠાડીઓ,
તે ઉઠાડીઓ તેણીજ વાર.—ચેતો૦ ૨૮૭
એજી તેને ઉઠાડીઓ પોતાને હુકમે કરી,
નવ લીધો નામ સાહેબ કીરતાર;
તે બાળક ઉઠીઓ તારે ઓળખીઓ,
તેને લઇ ચાલીઆ તેણીજ વાર.—ચેતો૦ ૨૮૮
એજી તારે મુનાફ્કોના મન ફુલીઆ,
આ તો આપે થયો કીરતાર;
એને માથે તાજીર આવીયો,
ટોળે ટોળાં મળીને કરે છે વીચાર.—ચેતો૦ ૨૮૯
એજી તારે પીર શમસ પાસે કોઇ જાય નહી,
પણ પુઠે તે કરે ગીબત અપાર;
ત્યાં બે ઇમાની જીવ ફુલીઆ,
તે માંહે કોઇ નહી પોહોતા પાર.—ચેતો૦ ૨૯૦
એજી તારે સતગુરજી બાળકને તેડી કરી,
અને ગયા તે નગરથી બહાર;
તેણે તે ખાધું પીધું કાંઇ નહી,
માથે દહાડો તે ચડે અપાર.—ચેતો૦ ૨૯૧
એજી તારે સતગુરજી છાંયડે પોઢીઆ,
કુટી દીઠી સરાની પાર;
તારે માથેથી ખાલ ઉતારીઆ,
પોતાને હાથેસું કીરતાર.—ચેતો૦ ૨૯૨
એજી તે તો લઈ દીધી બાળકને,
અને પાછા આવીયા તે નગર મીંજાર;
તે તો બાળક લઇને તેઓને દીધી,
તે દીધી ખાલ તેણીજ વાર.—ચેતો૦ ૨૯૩

એજી આને ખાલ તમે લીઓ,
તેને સતગુરે કહ્યું તેણીજ વાર;
આ બંદાને અમે ઉઠાડીઆ,
તેની અમ સીર શરા આવી છે સાર.—ચેતા૦ ૨૯૪
એજી તારે સઉના મન તે થર ન રહ્યા,
તેણે તો નહી ઓળખીયો દાતાર;
તારે સતગુર શમસને ખુદીઆ વાપરી,
તેતો ગયા કસાઇને દ્વાર.—ચેતા૦ ૨૯૫
એજી શહેર સારે એમ ઠેરાવીયું,
એને કોઇ ખાવા મ દેજો લગાર;
એણે પોતાનો હુકમ ચલાવીયો,
તે માથે આવીઓ છે શરાનો ભાર.—ચેતા૦ ૨૯૬
એજી શરાનો ભાર તારે ઉતરે,
જારે કાયાથી ચામડી ઉતારે સાર;
ત્યાં સુધી તેને કોઇ મ આપજો,
એવો પડો ફેરવીઓ શહેર મીંજાર.—ચેતા૦ ૨૯૭
એજી તે સતગુર શમશને માલુમ થઇ,
તારે ગયા તે કસાઇને દ્વાર,
તારે પઇસા છોડી દીધા હાથમાં,
અમને આપો તે તામ (ખોરાક) તઇયાર.—ચેતા૦ ૨૯૮
એજી તારે કસાઇએ મનમાંહે વીચારીયું,
આને કેમ દઇએ સોદા સાર;
પડો ફરીઓ છે શહેરમાં,
એને કોઇ ખાવા મ દેજો લગાર.—ચેતા૦ ૨૯૯
એજી તારે કસાઇ તે મનમાંહી ઝાંખો થીઓ,
તે તો ઉભો કરે છે વીચાર;
કહો તો કાચું માંસ આપીએ,
બીજુ નહી તામ (ખોરાક) તઇયાર.—ચેતા૦ ૩૦૦
એજી તારે પીર શમસે હા કહી,
કસાઇએ માંસ આપ્યું તેણી વાર;
તે તો લઇને આઘેરા ચાલીઆ,
ત્યાં કમે માંગીઆ દેવતા સાર.—ચેતા૦ ૩૦૧

એજી તાંતો ખુધીયા લાગી ઘણી;
બાકી દહાડો રહ્યો ઘડી ચાર;
તારે લઇ સુરજને સાદ કરીયો,
તે તો હાજર થયો તેણીજ વાર.—ચેતો૦ ૩૦૨
એજી તારે સુરજ આવીને હાજર થયો,
કહોને સાહેબ શું છે વિચાર,
હુકમ તમારા માંહે હાજર છઉં,
તમે ફરમાવો તે કરૂં તઇયાર.—ચેતો૦ ૩૦૩
એજી તારે પીર શમસે ફરમાવીયું,
માસ પકાવી કરો તઇયાર;
તો અમો બેઇ જણા આરોગીએ,
અમને ખુધીયા લાગી અપાર.—ચેતો૦ ૩૦૪
એજી તારે માંસ લઇને નેજા ઉપર ધરીઓ,
સતગુરે પકાવવાનો કરીયો આકાર;
તો સુરજ આવી ઉપર થયો,
તાંતો ખલકને થયો છે આજાર.—ચેતો૦ ૩૦૫
એજી તારે આમ ખલક તો બળવા લાગી;
અને નગર માંહે પડી પુકાર;
દીન કીઆમતનો આવી ઉભો રહ્યો,
તેથી કેમ પામીએ પાર.—ચેતો૦ ૩૦૬
એજી તારે રાજા પ્રજા સરવે બળવા લાગા,
પશુ પંખી તડફડે અપાર;
તોબા તોબા સઉ કોઈ કરે,
કેનું જોર ન ચાલે લગાર.—ચેતો૦ ૩૦૭
એજી તારે કોઇ ત્યાં આવી નહી શકે,
થઇ પડયો સઉને જંજાર;
તારે સહુ સહુ વીમાસણમાં પડીયા,
આનો કોણ છે કરણહાર.—ચેતો૦ ૩૦૮
એજી તારે માસ પકાવી સુરજ ઉંચો ગયો,
ત્યાં સતગુરે બાળકને પુછયો વીચાર;
કહોરે બેટા કયાં જાઇએ,
તમે ભુખ્યા હશો અપાર.—ચેતો૦ ૩૦૯

એજી તારે બાળકે સતગુરને કહ્યું,
જે સાહેબ તમારો છે અખત્યાર;
અમને તો ખુધીયા કાંઇ નથી,
અમને તો આવ્યો એક વિચાર.—ચેતો૦ ૩૧૦
એજી સાહેબ તમે સુરજ મંગાવીએ,
તેણેથી માંસ પકાવીએ સાર;
ત્યાં આમ ખલકત શહેરની,
તેતો બળવા લાગી બહુ અપાર.—ચેતો૦ ૩૧૧
એજી એતો તમે કીરતાર થયા,
તેનો ખલકતને નથી વીચાર;
એ અચરત માંહે અમે છઇએ,
તમે સાહેબ કરામતના દાતાર.—ચેતો૦ ૩૧૨
એજી તાંતો ખલક આવી મીલી,
તેનો તો કોઇ નહી શુમાર;
ત્યાં કાજી મુફતી આવીઆ,
આવીઆ ઓલીઆ અંબીયા અપાર.—ચેતો૦ ૩૧૩
એજી ત્યાં સઉ કોઇ આવી પાયે પડે,
તે સરવે નર ને નાર;
તોબા તોબા સઉ કોઇ કરે,
બીજો કાંઇ નહી વીચાર.—ચેતો૦ ૩૧૪
એજી ત્યાં રાજા ને રાજાના હરમ આવીઆ,
તેતો તોબા તોબા કરીયા અપાર;
તેતો સતગુરને આવી પાયે પડીઆ,
અને પુછે તે બાળકને વીચાર.—ચેતો૦ ૩૧૫
એજી તે બાળકના માત તાત કહીએ,
પણ બાળકનો પીરસું અતી પીયાર;
તેણે બાળકને બહુ વીધે પુછીયું,
જે પીરે સુરજ મંગાવીઓ તેનો કહો વીચાર.—ચેતો૦ ૩૧૬
એજી તારે બાળક બેશી વાતું કહે,
તમે સાંભળો વાત માત તાત સહુ સાર;
અમને આખો દીન વહી ગયો,
તોએ કયાંથી ખાવાનું નહી મળ્યું લગાર.—ચેતો૦ ૩૧૭

એજી તારે સતગુરૂ અને અમે બે હતા,
તે પાછા આવીઆ શહેર મોઝાર;
તે આવી અમે શાહેરમાં પુછીઉં,
તાં તો ખાવાની કોઈ ન કરે હાકાર.–ચેતો૦ ૩૧૮
એજી તારે તે પીરે કસાઈને કહ્યા,
અમને તામ તે આપો તઈયાર;
તેને પઇસા છોડી દીધા હાથમા,
તો પણ કસાઇએ કીધી નાકાર.–ચેતો૦ ૩૧૯
એજી તારે કસાઇએ તે ત્યાં વીચારીયું,
કાચો માસ આલીઓ સવાશેર ભાર;
તે તો અમે લઈ ફર્યા ઘણું,
તાં તો પકાવવાનું નહીં કીંઆ ઠાર–ચેતો૦ ૩૨૦
એજી તારે દીન સારો અમે ભુખીઆ રહ્યા,
બાકી દહાડો રહ્યો ઘડી ચાર;
તારે સતગુરૂએ સુરજને સાદ કર્યો,
તે તો હાજર થયો તેણીજવાર.–ચેતો૦ ૩૨૧
એજી તે નેજા ઉપર સુરજ આવીઓ,
તાંતો માંસ પાકી થયો તઈયાર;
ને માંસ પકાવીઓ સુરજ તાપે,
એ સતગુરૂ છે કરામતના દાતાર.–ચેતો૦ ૩૨૨
એજી એવી કરામત સતગુરૂએ કરી,
તોએ દુનીઆ ન માને લગાર;
મુવું માણસ સતગુરે ઉઠાડીયું,
કાગળની બેડીમાં બેશી ઉતર્યા શાહેરથી પાર.–ચેતો૦ ૩૨૩
એજી પુશ્ત ઉતારી પોતાની,
સતગુરે સુરજ મંગાવીઓ સાર;
એવી કરામત સતગુરે કરી,
તોએ અંધી દુનીઆ ન આણે ઇતબાર.–ચેતો૦ ૩૨૪
એજી જાહેર કરામત કહું તો દુનીઆ છેડો,
એ બાતુનનું નહિ આવે પાર;
કરામતું એનીયું સરવે દીઠી,
એથી કોઈ બીજો નહિ કીરતાર–ચેતો૦ ૩૨૫

એજી માત તાત સર્વે એ ગુરૂને પાયે પડો,
સર્વે ઓળખી લીઓ નરને નાર;
પાય પડી પડી એ ગુરૂને મનાવો,
એ સતગુરૂ છે સહુનો તારણહાર.–ચેતો૦ ૩૨૬
એજી તારે રાજાના હરમ ઉઠીઆ,
તે તો સતગુરૂને ચરણે પડીઆ તેણીજ વાર;
ઉઠી સાહેબ તમે કૃપા કરી,
અને ચાલો અમારે દ્વાર–ચેતો૦ ૩૨૭
એજી તારે સતગુરૂ શમસ એમ બોલીઆ,
તમે કોણ તે લોક સંસાર;
અમારે તમારે તો નહિ બને,
અમને બેસવું તે મએત મોઝાર.–ચેતો૦ ૩૨૮
એજી તારે રાજા બાળકને કહ્યું,
જે હતો પોતાનો પરીવાર;
તમે સતગુરૂને સમજાવી કરી,
લઇ ચાલો તે આપણે દ્વાર.–ચેતો૦ ૩૨૯
એજી ત્યા રાજા પ્રજા સઉ ઉભા,
સઉ કોઈ ધ્રુજે તેણીવાર;
શેખ સઈયદ ત્યાં ઉભા ઘણા,
અને ઉભો તે બાવદીનો પરીવાર.–ચેતો૦ ૩૩૦
એજી તારે બાવદી ઉભો મેડીએ,
તે તો મનમાંહે કરે વીચાર;
એવો પુરૂષ કયાં દીઠો નહિ,
અમે તે જોયો સર્વે સંસાર.–ચેતો૦ ૩૩૧
એજી તારે બાવદી મેડીએથી ઉતર્યો,
તે આવીઓ જ્યાં ઉભો હતો તે સર્વે સંસાર;
ત્યાં ઉભા દીઠા સતગુરૂ શમસને,
જઈ પાંએ પડીઓ તેણી વાર.–ચેતો૦ ૩૩૨
એજી તારે સહુએ મીલી સતગુરૂને કહ્યું,
જે સાહેબ અમારી ભુલ છે અપાર;
હવે સરવે ગુનાહ બક્ષજો,
સાહેબ તમથી ઉતરીએ પાર–ચેતો૦ ૩૩૩

એજી તારે સતગુરૂ શમસ એમ બોલીઆ,
અમે આવીઆ એ નગર મોજાર;
તે મુસાફર થઇ બેઠા મએતમાં,
કેની છેડ ન કરતા લગાર.—ચેતો૦ ૩૩૪
એજી તારે મું ઉ માણસ તમારા શાહેરમાં,
તેનો હતો તમ શીર ભાર;
અમારે આગળ આવી કરગરીઆ,
જે અમે તમથી ઉતરીએ પાર.—ચેતો૦ ૩૩૫
એજી તારે અમે તેને જઇ ઉઠાડીઓ,
જે હતો રાજાનો પરીવાર;
તારે તમારા મન ફુલીઆં,
તારે અમ સીર તાજીર આણીઓ તેણીજવાર.—ચેતો૦ ૩૩૬
એજી તારે અમે અમારી પુરત ઉતારી ડીલની,
તેતો દીઠી સર્વે સંસાર;
તોએ પડો ફેરાવીઓ શાહેરમાં
જે એને ખાવાનુ મ દેજો લગાર.—ચેતો૦ ૩૩૭
એજી તારે દીન સારો ભુખીયા રહ્યા,
બાકી દહાડો રહ્યો ઘડી ચાર;
તારે શાહેર સાજો અમે ફરીઆ,
તો પણ કેને મહેર ન આવી લગાર.—ચેતો૦ ૩૩૮
એજી તારે કસાઇ હતો એક શાહેરમાં,
તેણે કાચો માંસ દીધો સવાશેર ભાર;
તેતો લઇ ફરીઆ શાહેરમાં,
તો કેણે દેવતા ન દીધો લગાર—ચેતો૦ ૩૩૯
એજી તારે લઇ સુરજને સાદ કર્યો,
તે આવીઓ તેણીજ વાર;
તેથી માંસ પકાવીઓ,
હવે જાશું તે મએત મીંજાર.—ચેતો૦ ૩૪૦
એજી તારે તે રાજા બોલીઆ,
જે હતો ઉંચનો સરદાર;
હવે સતગુરજી અમને ધરમ દીઓ,
તો છુટીએ સરવે જંજાળ—ચેતો૦ ૩૪૧

એજી તમે સતગુર ને અમે સેવક સદાય,
તમે કૃપા કરો સતગુરજી દાતાર;
તમે માત તાત થઇને બક્ષજો,
અમારા ગુનાહ તણા નહિ કોઇ પાર.—ચેતો૦ ૩૪૨
એજી અમે ગુનેહગાર બહુ બંદા,
તેની સાહેબ તમે કરો સંભાર;
ભલે આવીઆ અમારા દેશમાં,
અમે તમથી ઉતરીએ પાર.—ચેતો૦ ૩૪૩
એજી હવે સતગુરૂજી અમને ધરમ દીઓ,
અને ચાલો તે અમારે દ્વાર;
કૃપા કરીને પધારજો;
તમે રીશ મ કરજો લગાર.—ચેતો૦ ૩૪૪
એજી તારે સતગુર શમસ એમ બોલીઆ,
તમે અમારો ધરમ લેશો સાર;
તે કઠણ ધરમ છે અમતણો,
તેની પરેજનું નહીં કોઇ પાર.—ચેતો૦ ૩૪૫
એજી તારે રાજા સર્વે કબુલીઆ,
જે કાંઇ ફરમાવિઓ સતગુરૂજી દાતાર;
અમેરે બાના સતગુરૂજી તમ તણા,
તેનું કાંઇ મ ધરશો વીચાર.—ચેતો૦ ૩૪૬
એજી તારે સતગુરૂજીએ કૃપા કરી,
અને પધારીઆ તે રાજાને દ્વાર;
ત્યાં જઇ સતગુરજી આરામસું,
ભોજન જમીઆ સાર.—ચેતો૦ ૩૪૭
એજી ત્યાં સતગુરજી પોઢીઆ,
તે રાજા તણે દ્વાર;
ત્યાં ચંદર સુરજ આવીઆ હજુરમાં,
તે આવી અરજ કરે છે અપાર.—ચેતો૦ ૩૪૮
એજી સતગુરૂજી અમને ફરમાવજો,
અમે છઇએ ખીજમતદાર;
અમે તમારા બંદા કહીએ,
તમે સતગુરૂ છો બક્ષણહાર.—ચેતો૦ ૩૪૯

એજી તે [illegible] તેજ મરી ગયું,
તે [illegible] રાજા રાણી સાર;
તારે [illegible] મનમાંહે જાણીઉં,
એ [illegible] તે સીરજણહાર.—ચેતો૦ ૩૫૦
એજી [illegible]નો સમય હતો,
તારે [illegible] [illegible] તે કીધો ઇસરાર;
ચંદ્ર સુરજ ઉભા હજુરમાં,
વેદની વાણી ચલાવી તેણીજ વાર.—ચેતો૦ ૩૫૧
એજી ત્યાં ચંદ્ર સુરજ ઉભા સાંભળે,
સતગુરની વાણી તે મીઠી સાર;
તેતો સાંભળીને રાજી થયા,
તાંતો સુરજ ઉગીયાનો સમો થયો, સાર.—ચેતો ૩૫૨
એજી જ્યારે સુરજ ઉગીયાનો સમો થયો,
તારે સુરજે સતગુરને કહીઓ વીચાર;
હુકમ કરો સતગુરજી તો અમે જઇએ,
હવે તે રેહણી તે નથી લગાર.—ચેતો૦ ૩૫૩
એજી તારે સતગુરના હુકમે ચંદ્ર સુરજ ચાલીઆ,
તેતો પોતા સઉસઉને થાનકે સાર;
તારે સતગુરે વેદની વાણી ચલાવીઆ,
તે માંહે મોહ્યા તે સરવે સંસાર.—ચેતો૦ ૩૫૪
એજી તારે રાજા રાણીએ ધરમ લીધો,
સતગુરે પાવલ કાઢી તેણીજવાર.
તેને સતગુરે સતપંથ દેખાડીઓ,
જે પંથ સરવે પંથમાંથી ઉતમજ સાર.—ચેતો૦ ૩૫૫
એજી ત્યાં રાજા પ્રજા સઉ કોઇ નમીઆ,
સઉ રાખે સતગુરસું પીઆર,
ત્યાં પરબોધ પીરે ચલાવીઓ,
મુરીદ કીધા તે ઉંચ મીંજાર.—ચેતો૦ ૩૫૬
એજી ત્યાં સતપંથ ગુપત દેખાડીઓ,
અને બતાવીઓ તે ધરમ આચાર;
રાજા રાણી આવીઆ ધરમમાં,
અને એક તેનો પુત્રજ સાર.—ચેતો૦ ૩૫૭

એજી જેને સતગુરે જીવાડીઓ,
મુઓ જીવાડયો તે સતગુર વર દાતાર;
એ ત્રણ જણાને ધરમ આલીઓ,
બીજો બોલીઓ તે સરવે સંસાર.—ચેતો૦ ૩૫૮
એજી તેને સતગુરે વાણી કહી,
મુરીદ કીધા મુલક ઉંચ મોઝાર;
સતગુરના ફરમાને જો ચાલશો,
તેઃ આગળ પામસો મોક્ષ દીદાર.—ચેતો૦ ૩૫૯
એજી સતગુરના વાયકે તે સુધા ચાલજો.
દજો સતગુર મુખે દસોંદનો આહાર;
ચાલીઓ તે પીર મુખે આપજો.
અને કરજો તે સુકરીત અપાર.—ચેતો૦ ૩૬૦
એજી ખરા દસોંદી સુકરીતવંતા,
તે તો આવશે અમારે દ્વાર;
આખરની વેળા જારે આવશે,
તારે તે ઉતરશે પહેલે પાર.—ચેતો૦ ૩૬૧
એજી તેને હાજર જોમા દેખાડીઓ,
શાહા કાસમનો અવતાર;
એને તે અલ્લાહ કરીને માનજો,
તેમાં શક મ આણજો લગાર.—ચેતો૦ ૩૬૨
એજી એને જે જીવ ઓછું કરી માનશે,
તે નહિ સતપંથી તે પાખંડી સાર,
જેના પ્રથમના પુન સાચા નહિં,
તે જીવ નહિ ઓળખશે હાજર જોમું પાત્ર અવતાર.—ચેતો૦ ૩૬૩
એજી અલખ નીરીંજન એ નરજી કહીએ,
તેની કલાનું નહિ કોઈ પાર;
આદ ઉણીઆદથી એ નરજી કહીએ,
તેની ખેલ રમત છે જુગાજુગ સાર.—ચેતો૦ ૩૬૪
એજી એ ધરમજ આલશે,
તેને આવાગમણ નહી રે સંસાર
આ કલજુગ સંધે જે થર રહેશે,
તે જીવ પામશે મોક્ષ મુગત દીદાર.—ચેતો૦ ૩૬૫

એજી કલજુગ સંધ કઠણ જારે આવશે,
તારે વ્યાપસે તે કુડ કપટ નીંદાને વેવાર;
વાહરે ઉદંગ તારે વાએશે,
તેથી રખીસરોના ફરશે કીપાર.—ચેતો૦ ૩૬૬
એજી તારે ધરમી તે અધરમી થાશે,
તેને મેહેર નહી આવશે લગાર;
તેને કરી દુનીયા સર્વે ડુલશે,
તેના રખીસર માથે રહેશે ભાર.—ચેતો૦ ૩૬૭
એજી જારે ધરમી તે અધરમી થાશે,
તારે સહુને દીલે તે વાપશે ક્રહાર;
તેણુથી સંસાર વીણુસશે,
તે માંહેથી કોઇ ન પામે પાર.—ચેતો૦ ૩૬૮
એજી તે સંસાર વીણુસશે સતગુરૂ વિના,
તેને ધરમ મારગ નહિ સુજે લગાર;
તે અવતાર પાત્રનું ઘર ભુલીઆ,
તેનું ત્રણ વેદસું છે વેવાર.—ચેતો૦ ૩૬૯
એજી તેતો ત્રણ વેદ ત્રણ જુગમાંહે હતા,
હવે આવી ચોથા કલજુગની વાર;
તેનું સતગુરે કહ્યું રખીસરોને,
તે કહો તે સરવે વીચાર.—ચેતો ૩૭૦
એજી તેમાંએ જાણ જે અજાણ થાએશે,
તે સીર રહેશે સહુનો ભાર;
તે રખીસરોને પાપે પીરોથમી પીડાએશે,
જે જાણતાં કરશે વીક્રમ આચાર.—ચેતો૦ ૩૭૧
એજી જે ધરમ કરતા ઝઘડો માંડશે,
અને ચાલસે તે આપણા મનને વિચાર;
તે ઘર દયા નહિ ઉપજે,
તે જાશે નરક દ્વાર.—ચેતો૦ ૩૭૨
એજી સતગુરૂ મુખે દેતાં થીર નહિ,
પાખંડ રાખશે તે પુરો વેવાર;
તેને ગુરનર પોતાનો નહિ કરે,
ભઠ પડીઓ તેનો અવતાર.—ચેતો૦ ૩૭૩

એજી સુપાત્રે દાન દેતાં ઓળું આણુશે,
અને બીજે પાખંડ રાખશે વેવાર;
તેને શ્રી સતગુરૂજી પોતાનો નહિ કરે,
તેતો જાશે નરક દ્વાર.—ચેતો૦ ૩૭૪
એજી તે સુપાત્રે દાન દેતાં ઓછું આણશે,
અને મારે મરજાદે તે રહેશે હુશીઆર;
પણ સતપંથ વિન્યા ધરમ છે જેટલા,
તેતો સરવે મીથ્યા સાર.—ચેતો૦ ૩૭૫
એજી જેણે સતગુરે ધરમ દઇને સાહેબ દેખાડીઆ,
પરગટ હાજર જોસું પાત્ર અવતાર;
બીજા સંસારથી મુખ્તજ રહીએ,
એક સતગુરૂ મુખે રાખીએ વિચાર.—ચેતો૦ ૩૭૬
એજી તેણે સતગુરે રીખીસરોને સંભળાવીયું,
જાહેર દેખાડીઓ નરનકલંકીનો અવતાર;
એ નર દેખી જે જીવ ભુલશે,
તેનું ક્રમ નહિ ઉરાર ન પાર.—ચેતો૦ ૩૭૭
એજી એવી વાણી સતગુરે કહી,
તેનો મોમનભાઈ તમે રાખજો વીચાર;
આ સંસારની માયા છે મીઠડી,
તેણેથી મન થર નહિ રહેશે લગાર.—ચેતો૦ ૩૭૮
એજી તે માંએ જે જીવ ચેતશે,
અને મેલશે મોહ માયાનું જંજાળ;
જે ખરા દસોંદી સુકરીતવંતા,
તે હાજર જોસું સહી કરી માનશે નીરધાર.—ચેતો૦ ૩૭૯
એજી તે જીવ અમ ઘર આવશે,
તેને કલજુગ નહિં લુપસે લગાર;
આ ધન પુત્ર માયા સરવે કારમી,
તેને જાતાં ન લાગે વાર.—ચેતો૦ ૩૮૦
એજી એવી વાણી સતગુરે કહી,
મુરીદ કીધા મુલક ઉંચ મીંજાર;
સતપંથ ગુરે ગુપ્ત ચલાવીઓ,
તેનો રીખીસરોને કહીઓ સર્વે વીચાર.—ચેતો૦ ૩૮૧

એજી તે સતગુરના પીર નસીરદીન ઉપના,
તેતો સતગુર શમસના પરીવાર;
તેણે સતગુરે બહુ જીવ બોધીઆ,
તે તો વસે છે ઉંચ મીંજાર.—ચેતો૦ ૩૮૨
એજી પીર નસીરદીન તે નુર નબી મહંમદ તણા,
તેનો પીર સાહેબદીન પરીવાર;
આલ અલી નબીજીની તે કહીએ,
આદ ઉણીઆદથી ચાલીઓ એ પરીવાર.—ચેતો૦ ૩૮૩
એજી પીર સાહેબદીનના નુરમાંહેથી સીરજીઆ,
સતગુર પીર સદરદીન કરોડ બારના તારણહાર;
તેતો શ્રી ઈસલામશાહા પાસેથી બક્ષાવીઆ,
તેતો પામીઆ મોક્ષ મુગત દીદાર.—ચેતો૦ ૩૮૪
એજી પીર સદરદીન એ નરની સેવા કરી,
અને જાણીઓ એહ નકલંકીનો અવતાર;
જુગાજુગ એ નરની સેવા માંએ રહીઆ,
ઓળખીઓ અવતારે અવતાર.—ચેતો૦ ૩૮૫
એજી સતગુરે પોતે પીયાર કીધો પ્રેમસું,
અને સેવા તે કીધી શામીજીની સાર;
તારે નર શ્રી ઇસલામ શાહા નવાજીયા,
ને ત્રુઠા તે વર દાતાર.—ચેતો૦ ૩૮૬
એજી ચોર્યાશી આસણે પીરે તપ સાધીઆ,
અને શામીજી ઉપરે ધરી અતી પ્યાર;
આસણે આસણે તપ સાધીઓ,
અને ગીરીયા કીધી તે બહુ અપાર.—ચેતો૦ ૩૮૭
એજી છત્રીસ જુગ ને ચોર્યાશી ચોકડીયું,
સતગુરે તપ સાધીયા સાર;
ત્યાં અનેક અનેક તપ આદરીયા,
તેનો કાંએ ન થાએ વીસ્તાર.—ચેતો૦ ૩૮૮
એજી આઠ લાખ કરણ આગે તપસા કરી,
ચાર કલપ ચાર જુગજ સાર;
તેતો અલી રૂપે નર નકળંકી ઓળખીઓ,
તેતો સતગુર બ્રહ્મા નબી મહમ્મદનો અવતાર.—ચેતો૦ ૩૮૯

એજી ખેલ રમત એની આદ ઉણીઆદથી,
જ્યાં થકી સીરજીયો સર્વે સંસાર;
આદ નીરીંજન તે નર અલી કહીએ,
તે નબી મોહમ્મદે ઓળખીયો પોતાનો ભરથાર.—ચેતો૦ ૩૯૦
એજી નામે ઠામે એ નર અલી કહીએ,
પંથા પંથ માંએ એની શેવા થાય છે સાર;
જેટલા વરણ છે આ સંસારમાં,
તે સર્વે નામ અલીનું જપે છે નીરધાર.—ચેતો૦ ૩૯૧
એજી તે વરણાવરણમાંહે ઠેરાવીયું,
અલી પોતાનું નામ કીરતાર;
આ જમીં આસમાન તેથી થર રહ્યા,
તેના નામથી સર્વે સંસાર.—ચેતો૦ ૩૯૨
એજી તે રૂપ શ્રી ઇસલામશાહનું કહીએ,
અને નબી મહમ્મદ તે સતગુર પીર સદરદીન સાર;
જુગાજુગ એ નરની સેવા માંહે રહીવા,
તે સતગુર સત બ્રહ્માનો અવતાર.—ચેતો૦ ૩૯૩
એજી તેરે વર અમે પામીઆ,
તે શ્રી ઈસલામશાહ દાતાર;
અમે તે અમારો વર ઓળખાઆ,
મુનીવરો તમને કહું છું પુકાર.—ચેતો૦ ૩૯૪
એજી એ નર શ્રી ઈસલામશાહ અમે ઓળખીયો,
તારે ફરમાન આલીઓ સતગુરજીને સાર;
તારે છત્રીસ કરોડની મયા કરી,
તમે જઈ પરબોધ કરો તે દુનીયા મીંજાર.—ચેતો૦ ૩૯૫
એજી તારે ફરમાન લઈને સતગુરજી ચાલીયા,
તેણુ વાણી કાધી ઇસ જુગ મીંજાર;
તેતો ફરમાની બંદા શ્રી ઈસલામશાહ તણા,
તેણે છત્રીસ કરોડ બોધીઆ દુનીયા મીંજાર.—ચેતો૦ ૩૯૬
એજી ત્યાં નીયમ ધરમ સઉને આલીઓ,
જેટલા આવી મળીઆ નર ને નાર;
તેને તે સતગુરૂએ બતાવિયું;
ભાઇ કરજો તે હક કમાઇ સાર.—ચેતો૦ ૩૯૭

એજી જુઠ નીંદા કેની મ કરશો,
જેણુથી પડીએ દોયલે પાર;
સતી જીવ તમે સતે ચાલજો,
તો તમે ઉતરશો પેલે પાર.–ચેતો૦ ૩૯૮
એજી જે સતગુરનો તમે ધરમ લીધો,
તે સતગુરની વાણીનું કરજો વિચાર;
તે સતગુર ને અમે એક છઇએ,
આપણા સહુના શામીજી છે સીરજણહાર.–ચેતો૦ ૩૯૯
એજી જે નરની સેવા અમે તમને બતાવી,
જે છે અમારો તમારો સીરજણહાર;
તે નર નકલંકી શ્રી ઈસલામશાહા,
તેનું થાનક છે એરાક ખંડ મીંજાર.–ચેતો૦ ૪૦૦
એજી એરે આસણ નરજી તણાં,
અને સતગુરજી બેઠા તે જંપુ દીપ મીંજાર;
તેને ફરમાને ચાલજો મોમનો,
હક કમાઈ કરજો સાર.–ચેતો૦ ૪૦૧
એજી હવે સહુ સહુને થાનકે પરવરો,
જાઈ તે કરજો ઉદ્યમ આચાર;
તે માંહેથી કાઢજો મુનીવરો,
નરની પાંતી તે પુરે વ્હેવાર.–ચેતો૦ ૪૦૨
એજી તમે ધરમ દેજો હેતસું,
તે માંહે ખંડત મ કરશો લગાર,
ખાટી કરીને તે માંહેથી આલજો,
આપણા સતગુર મુખે દસોંદનો આહાર.–ચેતો૦ ૪૦૩
એજી દસોંદ આપણા નરશ્રી ઈસલામશાહને આપજો;
જે છે આજ કલજુગ સંધે નર નકલંકીનો અવતાર;
ત્યાં ચાલીઓ સતગુર બ્રહ્માજીને આપજો,
અને કરજો તે સુકરીત અપાર.–ચેતો૦ ૪૦૪
એજી મલજો નીતોનીત ગતમાંહે,
અને ગત મુખી સાથે કરજો વીચાર;
તો પાપ તમારાં સરવે જાશે,
દીનના ધંધાનું મટસે સરવે જંજાળ.–ચેતો૦ ૪૦૫

એજી ગત મુખી સાથે દુઆ કરાવીએ,
કોડી દમડી પુજાની દઇએ સાર;
બીજો ધરમ તો દસોંદ છે,
તે ધંધા માંહેથી આલીએ પાંતી પુરે વેવાર.—ચેતો૦ ૪૦૬
એજી નીતો નીત ગુરની ગત માંહે જઇએ,
કરીએ તે એવો ધરમ આચાર;
હાલ વાએકે આલીએ મુનીવરો,
આપણા સતગુરૂ મુખે પુરે વેવાર.—ચેતો૦ ૪૦૭
એજી એવો પરઓધ પીરે ચલાવીઓ,
અને નીમીયા તે છત્રીશ કરોડ સાર;
તેરે નર શ્રી ઈસલામશાહને ભેટીઆ,
તે છત્રીશ માંહેથી પાકયા કરોડ બાર.—ચેતો૦ ૪૦૮
એજી તે બાર કરોડ ધરમી પુરા થયા,
તેણે તો ઓળખીયો પોતાનો ભરથાર;
દસોંદ સુકરીતે પુરા હતા,
તેતો પામીઆ મોક્ષ મુક્ત દીદાર.—ચેતો૦ ૪૦૯
એજી ત્યાં ચોવીસ કરોડે ચીત ડુલાવીયું,
નહિ રાખીઆ શ્રી સતગુરસું વેવાર;
બાર કરોડથી તે જુદા પડીઆ,
તેતો ચાલીઆ ચોવીસ કરોડ ઘોર અંધાર.—ચેતો૦ ૪૧૦
એજી દસોંદ કારણે જીવ ડુલાવીઆ,
માયાસું રાખીઓ અતી પ્યાર;
તેણેથી કીયામાહે ભંગ પડીયો,
હાજર જોમુ નવ ઓળખીયા નીરધાર.—ચેતો૦ ૪૧૧
એજી દસોંદ ખંડત નવ કીજીએ,
જે આદ ઉણીઆદથી ચાલીઓ ધરમ આચાર;
તેમાં દસોંદ સતગુરૂ મુખે આલીએ,
તે માંએ શક ન આણીએ લગાર.—ચેતો૦ ૪૧૨
એજી દસોંદ ખંડત નવ કીજીએ,
જે થકી આપણા જીવને પડેરે જંજાળ;
ચોવીશ કરોડે જીવ ડુલાવીઓ,
તેણે કાંઇ નવ રાખીઓ વીચાર.—ચેતો૦ ૪૧૩

એજી તે તો સતગુરૂનાં વાયકે નવ ચાલીઆ,
તારે દાન પુન તીરથનું ફલ નવ થયું લગાર;
તે માટે તમને કહું છું રીખીસરો,
જે સતગુરૂની વાણીનો કરજો વિચાર.—ચેતો૦ ૪૧૪
એજી જે જીવ આ જુગમાંહે નહિ ચેતીઆ,
તેણે પોતાના જીવને પાડીઓ જંજાળ;
જારે સતગુરૂના શરણેથી ચુકીઆ,
તારે ચોવીશ કરોડ ચાલીઆ ઘોર અંધાર.—ચેતો૦ ૪૧૫
એજી તેણે આપણા સતગુરૂને લજાવીઆ,
અને પોતે ગયા તે ઘોર અંધાર;
તેતો તેત્રીસ કરોડ માંહેથી જુઆ પડીઆ,
તેણે નહિ ઓળખીઓ હાજર જોમું પાત્ર અવતાર.—ચેતો૦ ૪૧૬
એજી પરથમ પીરે ચલત્ર કર્યા,
તારે તેના મન થર નહી રહ્યા લગાર;
હુકમ હુઆ નર શ્રી ઈસલામશાહા તણા,
છત્રીશમાંહેથી અમ ઘર આવશે કરોડ બાર.—ચેતો૦ ૪૧૭
એજી તે માંડીઓ અસલ તેઓના અંગમાં,
જેટલો હુકમ કીધો કીરતાર;
જે માંડીઆમાં પાછો વરે નહી,
તેમાં કેનું ન ચાલે લગાર.—ચેતો૦ ૪૧૮
એજી તેણેથી તે જીવ સરવે ડુલીઆ,
તેણે નવ ઓળખીઓ પોતાનો ભરથાર;
તેની નાવ ભાંગી સાહેર વચ્ચે,
તેનું કોઇ ન આવે પાર.—ચેતો૦ ૪૧૯
એજી સંસાર સમુદ્ર મહા ઉંડા જાણજો,
તેમાં લોભ લાલચનું પાણી ભર્યું અપાર;
તે જલમાં જે જીવ બુડશે,
તેની નાવ નહી થાશે ઉરાર ન પાર.—ચેતો૦ ૪૨૦
એજી તેની નાવ ડુબાવી નાખુદે,
જેણે ગુર થઇને લીધો છે આહાર;
તે ખેવણહારો ખોટો થયો,
તેના ભુંડા ભોરેઆ અપાર.—ચેતો૦ ૪૨૧

એજી ત્યાં નીચું જોયું નાખુદે,
ભુંડા ભોરેઆનું મન થીર નહી રહ્યોરે લગાર;
તેણે નાવ ભાંગી તે નીસ્ત લોકની,
તેણે તે કાંઇ નવ રાખીઓ વીચાર.–ચેતો૦ ૪૨૨
એજી તે સતગુરની શીખે નવ ચાલીઆ,
તેણે તે રાખીયો ખોટો ખેવણહાર;
તે માંહે માલમ મુરખ બેસાડીઓ,
તે માંહે ભરીઓ તે અનહદ ભાર.–ચેતો૦ ૪૨૩
એજી તેની ખોટી નાવ અસતની,
તે માંહે અસતી લોક બેસણહાર;
જુઠા ગુર તેના દાન લીએ,
તેતો સરવે નહી પામે પાર.–ચેતો૦ ૪૨૪
એજી સઢ તે અસતની નાવનું,
માંહે કુબુદ્ધિનો વા વાયો અપાર;
તેણુથી તે નાવ ડુબી ગઇ,
સતગુર કહે તે ગયા ઘોર અંધાર.–ચેતો૦ ૪૨૫
એજી તે સતગુરના વાએકથી ઓતડીઆ,
તારે તે નાવ ડુબાઇ ગેમાર;
હાજર જોમાનું ફળ તેણે ગુમાવીયું,
તે ચાલીઆ ચોવીશ કરોડ ઘોર અંધાર.–ચેતો૦ ૪૨૬
એજી તેણે દશોંદ દેતાં જીવ ડુલાવીયો,
અને માયાના મોહો માંહે ભુલા ગેમાર;
જુઠા ગુરને તે જઇ મીલીઆ,
જેને પોતાની પુંઠ ન સુજે લગાર.–ચેતો૦ ૪૨૭
એજી તે ગુર અવરાને કેમ તારશે,
જેનો આ જુગ માંહે ભુતખાનાનો અવતાર;
તેણુથી દુનીયા ગફલતે મોહી રહી,
તે માંહેથી કોઈ ન ઉતરશે પાર.–ચેતો૦ ૪૨૮
એજી સતપંથ વીના ધરમ છે જેટલા,
તેતો સરવે મીથ્યા સાર;
તેતો સ્વર્ગ ભોગવીને હેઠે ઉતરશે,
અને નહી જાશે તે અમરાપુરી મીંજાર.–ચેતો૦ ૪૨૯

એજી બાર કરોડ પુરા ગુર મુખે,
તેતો મુનીવર જઇ પોતા પેલે પાર;
તે હાલ વાયેકે દસોંદી પુરા,
તેણે દીધો સતગુર મુખે દસોંદનો આહાર.—ચેતો ૪૩૦
એજી તેણે તો સતગુર મુખમાંહે વાવીયું,
અને ઓળખીયો તે હાજર જોમું પાત્ર અવતાર;
હાજર જોમાનું ફલ તેને સુફલ થયો,
તેણે બીજે કીયાં નવ રાખીયો વેવાર.—ચેતો૦ ૪૩૧
એજી તેતો સતપંથની શીખે ચાલીઆ,
સતગુર પીર સદરદીન ઉપરે રાખીઓ અતી પીયાર;
તેતો સતગુરના પ્રતાપે ઉધરીઆ,
તેને મટીઆ તે લખ ચોરાસીના અવતાર.—ચેતો૦ ૪૩૨
એજી સાચી નાવ છે સતગુર તણી,
તેમાં ખુબ છે ખેવણહાર;
તેમાં નાખુદો નર શ્રી ઇસલામશાહા,
તેમાં સલામતી પીર સદરદીન સાર.—ચેતો૦ ૪૩૩
એજી સઢ તો સતગુરના નાવનું,
ખુઓ પરમાણ રાખીઆ ધરમજ સાર;
નંગર નારૂં એના નામનીયું,
માંહે જ્ઞાન ગોળા ચડાવીઆ ભાર.—ચેતો૦ ૪૩૪
એજી સતગુરજી સઢ પુરીને ચાલીઆ,
તારે વીશલનો વા વાયો સાર;
માલમ ભોરીઆ તે આલ અલી નબીજીની,
જે આદ ઉણીઆદથી ચાલીઓ એ પરીવાર.—ચેતો૦ ૪૩૫
એજી આદ બ્રહ્મા તે પીર સદરદીન,
જેણે બાર કરોડ તાર્યા પેલે પાર;
તે નર શ્રી ઇસલામશાહાના નામેથી ઉધરીઆ,
તેમાં પીર સદરદીન ખેવણહાર.—ચેતો૦ ૪૩૬
એજી તે નાવ ઉતારી નર શ્રી ઇસલામશાહા,
કલજુગ સંધે નર નકલંકનું અવતાર;
તેણે બાર કરોડ જીવ ઉધારીઆ,
મુખી પીર સદરદીન સાથે પહોતા પેલે પાર.—ચેતો૦ ૪૩૭

એજી પીર સદરદીનના નુર માંહેથી ઉપના,
પીર હસન કબીરદીનના અવતાર;
તેણે સેવા કીધી સાચા શામી તણી,
નારી થઇને ઓળખીઓ પોતાનો ભરથાર—ચેતો૦ ૪૩૮
એજી તે નારી થઇને નરને ઓળખીઓ,
અને બીજો કાંઇ નવ રાખીઓ વીચાર;
કસણી કીધી એના નામની,
તારે પામીઆં તે એવા ભરથાર.—ચેતો૦ ૪૩૯
એજી તારે નર શ્રી ઇસલામશાહા નવાજીઆ,
તે શામીએ સેવા તે દીઠી સાર;
તારે હેત ધરીઓ પીર હસન કબીરદીન ઉપરે,
શામીજીએ કીધી તે મહેર અપાર.—ચેતો૦ ૪૪૦
એજી તે મહેર કીધી શામીરાજે,
સતગુરને સેવક જાણીને કીધી સંભાર;
તારે સતગુરે એવા તપ સાધીઆ,
જેથી પ્રસન થયા દેવ મોરાર.—ચેતો૦ ૪૪૧
એજી તારે સેવા દીઠી શામીરાજે,
ગુરની કીધી જુગા જુગ સંભાર;
તે ગુર આદ ઉણીઆદથી શામીજીના વચને રહ્યા,
તારે સતગુરને આપીઓ માન અપાર.—ચેતો૦ ૪૪૨
એજી આદ ઉણીઆદથી ગુરે તપ કરીયા,
તેના તપનો નહી આવે પાર;
જુગાજુગ વેનતી કીધી ઘણી,
અને ઓળખીઓ તે પાત્ર અવતાર.—ચેતો૦ ૪૪૩
એજી આદ ઉણીઆદથી સહુ ભેળા હતા,
બ્રહ્મા વિષ્ણું મહેશ્વર સાર;
એ ત્રણ મુરત એક છે,
તે માંહે વિષ્ણું તે સીરજનહાર.—ચેતો૦ ૪૪૪
એજી સેવાને કારણે સીરજીયા,
બ્રહ્મા મહેશ્વરના અવતાર;
તેને પોતાના નુર માંહેથી નીપાવીઆ,
અને મુકીયા તે દુનીયા મીંજાર—ચેતો૦ ૪૪૫

એજી તમે જાઓ બ્રહ્માજી જુગમાંહે વાણી કરો,
અને ઓળખાવો તે અમારો અવતાર;
એમ કરતાં વહી ગયા,
અનંત કલપ અનંત જુગ સાર.—ચેતો૦ ૪૪૬
એજી તે સતગુરૂ આ જુગ સંધે અવતર્યા,
તે સતગુર નબી મહમદનો અવતાર;
તે અવતારે સહી સતગુરૂ જાણીએ,
પીર હસનશાહા પીર સદરદીનના પરીવાર.—ચેતો૦ ૪૪૭
એજી એણે સતગુરે આગે અનેક જીવ ઉગારીઆ,
તે સતગુરૂની સેવાએ રહ્યા નીરધાર;
તેણે જીવે સતગુરને તે સહી કરી માનીઆ,
અને ઓળખીઓ પાત્ર અવતાર.—ચેતો૦ ૪૪૮
એજી તે અવતાર પાત્ર આ જુગ સંધે આવીઆ,
તે બેઠા છે મીલછા મીંજાર;
અલીજીનું અવતાર તે કહીએ,
તે માહે શક મ આણશો લગાર.—ચેતો૦ ૪૪૯
એજી અલીને તે અલ્લાહ કરી માનીએ,
સતગુરે શેવા કીધી તે જુગાજુગ સાર;
તારે નર શ્રી ઇસલામશાહ નવાજીઆ,
જે બેઠા છે કહેક નગરી મીંજાર.—ચેતો૦ ૪૫૦
એજી તેણે મયા કરીને બોલાવીઆ,
સતગુરૂને પોતાના જાણીને કીધી સંભાર;
તારે સતગુર બ્રહ્મા હસનશાહા,
તે બેઠા હતા મુલક ઉંચ મીંજાર.—ચેતો૦ ૪૫૧
એજી તારે સતગુરૂ હસનશાહ શામીજીને ઓળખીયા,
નર શ્રી ઈસલામશાહા સરીખો ભરથાર;
તેણે સતગુરે તેમ તેમ તપ અદકા કરીઆ,
તારે શામીજીએ ધરીઆ અતી પ્યાર.—ચેતો૦ ૪૫૨
એજી ઉંચથી સતગુર હસનશાહ ચાલીઆ,
શાહાની દરગાહનો રાખીઓ વીચાર;
હવે તે નર નકળંકીને ભેટીએ,
જ્યાંથી ટલે તે જીવુંને જંજાળ.—ચેતો૦ ૪૫૩

એજી ત્યાં મારગમાંહે સતગુરૂજી આવીઆ,
ત્યાં મનમાંહે તે ઉપનું એ વીચાર;
મારા શામીને કાજે શું લઈ ચાલીએ,
કાંઈક તોફો જોઈએ સંભાર.–ચેતો૦ ૪૫૪
એજી તારે સતગુર હસનશાહ પડીઆ વીચારમાં,
આ શી રીતે રાઝે અમારો ભરથાર;
હવે કાંઈક તોફો બનાવીએ,
મારા શામી રાજાને કાજે સંભાર.–ચેતો૦ ૪૫૫
એજી તાંતો આકડા દીઠા મારગમાંહે ઘણા;
તે માંહેથી ડેડા તોડીઆ તેણીજ વાર;
તે માંહેથી રૂઈ નીકાલી,
તે તો કાઢીને કીધી તઈયાર.–ચેતો૦ ૪૫૬
એજી મારગ ચાલતાં તેતો કાંતીઆ,
અને ઝીણું કાતીઉં તે સુતર અપાર;
તેનો તે તોફો બનાવીઓ.
પીરે પાઘડી તે કીધી તઈયાર.–ચેતો૦ ૪૫૭
એજી તેતો પાઘડી પીરે પોતાને હાથ કરી.
તેનો પાંચસો ગજ વીસ્તાર;
તે ગજ ગજ ઉપરે શફાયત લખી,
સતગુરે અરજ વીનતી કરી અપાર.–ચેતો૦ ૪૫૮
એજી તે પાઘડી સતગુરે તઈયાર કરી,
તે નવ છુગા બાંધીને પીરે કીધા તઈયાર;
તે છુગા છુગા માંહે અરજ વીનતી લખી,
તે વિનતીનો નહી આવે પાર.–ચેતો ૪૫૯
એજી ત્યાં અરજ વીનતી પીરે ઘણી કીધી,
નારી થઈને દેખાડીઓ પોતાનો આકાર;
મનમાં નવ રાખીઓ મોટપણો,
જેણેથી વાધે મનનો અહંકાર.–ચેતો૦ ૪૬૦
એજી નારી થઈને શ્રી ઈસલામશાહાને જીતીઆ,
સતગુર બ્રહ્મા પીર હસન કબીરદીન સાર;
તેણેથી શામીજીએ કીરપા કીધી,
અને તેડાવીઆ પોતાને દ્વાર.–ચેતો૦ ૪૬૧

એજી તે હસનશાહા શામીને દરગે જઈ પોતા,
ત્યાં નુર દીઠું નકલંકનું તેણીજવાર;
તારે નુરેનુર સમાઈ રહ્યા,
સતગુરે તે ઓળખીઓ પોતાનો ભરથાર.—ચેતો૦ ૪૬૨
એજી તારે શામીજીએ સત બ્રહ્મા કહીને બોલાવીઆ,
અને હૃદયશું રાખીઓ અતી પીઆર;
તારે સતગુર હસનશાહા વેનતી કરી,
તમે સાંભળો પરવરદીગાર.—ચેતો૦ ૪૬૩
એજી હેલ ભરીને અમે આવીઆ,
શામીજી અમે નારી તમારે દ્વાર;
દુઆગણના દુખ સરવે ટાલી કરી,
સુઆગણ કરો મુજને ભરથાર.—ચેતો૦ ૪૬૪
એજી અમે નારી તમે નર સદા,
અમે સેવક તમે છો શામ અવતાર;
આ તોફો તમારે કાજે લાવીઆ,
તેતો કબુલ કરોને દેવ મોરાર.—ચેતો૦ ૪૬૫
એજી હું રે નારી સદાઈ તમ તણી,
મારા અવગુણનો નહિરે પાર;
તમારે શરણે અમે આવીઆ,
શામી તમે છો ગુનાહ બક્ષણહાર.—ચેતો૦ ૪૬૬
એજી તારે સતગુર હસનશાહ સીર નામી કરી,
અને કીધી તે અરજ અપાર;
તે પાઘડી લઇ પીરે આગળ ધરી,
જે મારગ માંહે કીધી હતી તઈયાર.—ચેતો૦ ૪૬૭
એજી તારે શામીજીએ છેડો તે માંહેથી કાઢીઅ,
તે પોતાને હાથે બાંધવા લાગા દુસ્તાર;
જ્યારે સીરબંધ શામીજીએ બાંધીઆ,
ત્યારે રાજી હુઆ તે વર દાતાર.—ચેતો૦ ૪૬૮
એજી ત્યારે નરજી બોલીઆ મુખથી,
તમે સાંભળો સત બ્રહ્માજી કહું વિચાર;
સતગુરૂજી સીરબંધ જે તમે લાવીઆ,
તેનું કાંઇ નહિ મુલ શુમાર.—ચેતો૦ ૪૬૯

એજી તારે સતગુરૂ હસનશાહા બોલીઆ,
તમે સાંભળો નર કીરતાર;
અમે નારી તમ આગળ અવગુણ કરી,
તમે કીરતાર અમારા ભરથાર.—ચેતો૦ ૪૭૦
એજી અમ નારીથી નર રીઝે નહિ,
જેના અવગુણનો નહિ પાર;
શામીજી તારે આ તોફા બનાવીઓ,
નવ જુગાની વીનતી કરી અપાર.—ચેતો૦ ૪૭૧
એજી તારે શામીજી સીરબંધ બાંધી કરી,
પ્રસન્ન હુઆ શામીજી દેવ મુરાર;
માગો માગો સતગુરજી એમ શામીજી કહે,
ધન ધન તમારો અવતાર.—ચેતો૦ ૪૭૨
એજી તમારૂં અમારૂં તન એક છે,
તે માંહે અંતરો નહી લગાર;
તમને સતગુર બ્રહ્મા કરીને સીરજીયા.
તમારી સેવાનું અંત ન પાર.—ચેતો૦ ૪૭૩
એજી કીરપા કીધી નર કાયમજીએ,
સતગુર હસનશાહાસું કીધો વીચાર;
આજ જે માગો તે તમને આલીએ,
તમને ત્રુઠા તે દેવ મુરાર.—ચેતો૦ ૪૭૪
એજી તારે સતગુર હસનશાહા બોલીઆ,
તમે સાંભળો તે સીરજણહાર;
શામીજી તમારે ત્રુઠે સરવે આનંદ થયા,
જો દીઠો તમારો દીદાર.—ચેતો૦ ૪૭૫
એજી અમે શરણ લીધી શામીજી તમ તણી,
જેનું નામ છે સીરજણહાર;
આ હુંરે નારી તમારા નામની,
મને સોહાગણ કીધી મારે ભરથાર.—ચેતો૦ ૪૭૬
એજી નરજી આગળ નારીનું ચાલે નહી,
એમ બોલીઆ સતગુર હસનશાહા તેણીજવાર;
તમારા બીરદ સામું તમે જોઇ કરી,
પાવન કીધી તે અબળા નાર.—ચેતો૦ ૪૭૭

એજી માત તાત તમે બંધવા,
અમારા સામ સદાય છો ભરથાર;
હું બંદી સદાય તમ તણી,
તમે પુરૂષ છો નીરીંજન અવતાર.—ચેતો૦ ૪૭૮
એજી બાંહાં ગ્રહીને અમને ઉગારિઆ,
જાતી કાઢી તે શાહેર મીંજાર;
અમારા અવગુણ સામું તમે નવ જુઓ,
જેનું નહીં લંભે અંત ન પાર.—ચેતો૦ ૪૭૯
એજી મુજ નારીથી બહુ અવગુણ થયા,
તે શામીજી લઇ આવી છું તમારે દ્વાર;
તે અમારા અવગુણ સામું નવ જોયું,
અમને લઇ રાખી પોતાને દ્વાર.—ચેતો૦ ૪૮૦
એજી શામી અમે ઉણીયાચારી બંદા,
મારૂં જોર ન ચાલે લગાર;
તે ગુનેગાર નારીને શામી તમે પાવન કરી,
તે શામી તમારા ગુણનો ન લંભે પાર.—ચેતો૦ ૪૮૧
એજી દેવ દ્વારે અમે આવીઆ,
જ્યાં છુટે તે સર્વે જીવુંને જંજાળ;
જ્યાં હીણા ખીણા આગે કંઇ જીવ ઉધરીયા,
ત્યાં શામી અમારો જીવ છે ઉમેદવાર.—ચેતો૦ ૪૮૨
એજી તેને પ્રતાપે શામી અમને બક્ષજો,
અમારા એબ છે અપાર;
કાંઇ ગુણ નહીં અમારો રતી જેટલો,
જેથી રીઝે અમારો ભરથાર.—ચેતો ૪૮૩
એજી તારે નર નકલંકી મયા કરી બોલીયા,
શામી સહુના સીરજણહાર;
અનંત કરોડ જીવુંને મયા કરી,
ત્રુઠા તે હસનશાહને નર અવતાર.—ચેતો૦ ૪૮૪
એજી અણંતનો વર તમને આપીયો,
તમે જઈ દુનીઆમાં બોધ કરજો સાર;
તમ બ્રહ્માને અમે બક્ષીયા,
અનંત કરોડ જીવુંની સાથે આવશો અમારે દ્વાર.—ચેતો૦ ૪૮૫

એજી જે જીવ તમે અહીં લાવસો,
તેને અવાગમણ ફેરો નહીરે સંસાર;
તમ કારણ જેણે જીવુંને અમે બક્ષીયા,
તેનું તમ સીર બ્રહ્માજી ભાર—ચેતો૦ ૪૮૬
એજી તારે ગુર હસનશાહા શામીજીને પાયે પડીયા,
અને વીનતી કરી તેનું અંત ન પાર;
આ ધન ધન શામીજી તમને કહીએ,
અમ નારીનો શું છે ભાર.—ચેતો૦ ૪૮૭
એજી એ જીવ અમથી ન ઉધરે,
શામીજી તમે કૃપા કરો આપ કીરતાર;
અમેરે ગુનેહગાર બહુ બંદા,
તમે તો છો સાહેબ બક્ષણહાર.—ચેતો૦ ૪૮૮
એજી એવડો ભાર શામીજી અમ સીર ધરીઓ,
તે અમથી શામી શું થાય સીરજણહાર;
તમે મહેર કરો મોરા સાંહીઆ,
અમ સીરથી ઉતારો કલજુગના જીવનો ભાર.—ચેતો૦ ૪૮૯
એજી તારે સતગુરૂ શામીજીના ચરણેથી,
સીર ઉચું નવ કરે લગાર.
અનંત કરોડ જીવુંની વીનતી સતગુર કહે,
તારે કાયમ દેવ મુખથી બોલીયા તેણીજવાર.—ચેતો૦ ૪૯૦
એજી અણંતમાંહે તે જીવ આવશે,
જે જીવ ઓળખશે આપણા અવતાર;
આ તમને સતગુર બ્રહ્મા સહી કરી માનશે,
અને હાજર જોમો તે સહી કરી માનશે નીરધાર.—ચેતો૦ ૪૯૧
એજી આદ ઉણીઆદના સતગુરજી તમે,
તમે છો સતગુર બ્રહ્માજીના અવતાર;
અમે વીષ્ણું વર દાતાર છીએ,
તેનો કલજુગ સંધે મીલછા માંહે અવતાર.—ચેતો૦ ૪૯૨
એજી એ અવતાર પાત્ર જે જીવ ઓળખશે,
તેની શરણ છે સતગુરજી તમારે હાથે સાર;
તારે હાથ દઈને મુસ્તક ઉંચો કર્યો,
વીષ્ણુંજી તે હુવા વર દાતાર.—ચેતો૦ ૪૯૩

એજી સતગુર શામીજીને કહે,
આ મુસ્તક ઉંચો કીધો જેણીવાર;
શામીજી ત્રણ ભવનનો ભાર લઇ સીર ધરીયો,
તે અમ કીડીનું શીયો છે ભાર.–ચેતો૦ ૪૯૪
એજી અમ કીડીથી કેમ ઉપડે,
શામીજી ત્રણ ભુવનનો ભાર;
અમે ગુનેહગાર ઉણીઆચારી,
તેનું શામીજી તમને કહું વીચાર.–ચેતો૦ ૪૯૫
એજી અણતનું વર શામી અમને આલીઓ,
આગળ કલજુગ કઠણ છે સંસાર;
તે માંહે કોણ જીવ અમ પાસે આવશે,
કોણ દાન દેશે પુરે વેવાર.–ચેતો૦ ૪૯૬
એજી કોણ જીવ અવતાર પાત્રને માનશે,
અને કોણ જીવ સતગુરની કરશે સંભાર;
કોણ જીવ કીરીયાના પુરા રહેશે,
કોણ જીવ નીંદા જુઠથી રહેશે નીરધાર.–ચેતો૦ ૪૯૭
એજી કલજુગના જીવ સરવે થાનકે પોતા,
અમારા બાપ દાદા સાથે રાખીઓ વેવાર;
આ જુગમાંહે તે કોણ જીવ બાકી રહ્યા,
જેનો અમ સીર રાખીઓ ભાર.–ચેતો૦ ૪૯૮
એજી અમ ગુનેગારથી કાંઈ નવ ઉપડે,
શામીજી આ કલજુગના જીવું તણો ભાર;
જે અસતી જીવ ને ઉણીઆચારી,
જેના મન થર ન રહેવે લગાર.–ચેતો૦ ૪૯૯
એજી જુઠારે આ કલજુગ કહાએ,
તેના જીવ તે જુઠા અપાર;
તે જુગમાંહે અમને મુકતા,
તેમાં કેમ કરી ઉધરશે સંસાર.–ચેતો૦ ૫૦૦
એજી બાકી ઉણીયાચારી જીવ ઉતડીઆ,
સતી જીવતો સધાવીઆ સરગ દ્વાર;
તે જીવને પરબોધ કેવો લાગશે,
જેના મનમાં રહેમ નહિ લગાર.–ચેતો૦ ૫૦૧

એજી આ કલજુગ સંધે જે જીવ રહ્યા,
તેતો કુબુદ્ધિનું કરશે આચાર;
તે જીવ ધરમ બુદ્ધિએ નહિ ચાલશે,
તે નીંદા જુઠસું રાખશે વેવાર.—ચેતો૦ ૫૦૨
એજી જ્યાં સાડી ઓગણીશ વેસુઆ પાપના,
અને અરધો વેસુઓ સત ધરમનો સાર;
આ કલજુગ કઠણ એવો પાપનો,
તે કોણ ચાલશે ધરમ આચાર.—ચેતો૦ ૫૦૩
એજી સંસાર સઘળો ભમે જુઠમાં,
તેની જુઠી કીરીયા ને જુઠો આહાર;
તે જુઠા જુઠીએ બીજલસે જઈ બેશશે,
તેતો આપ મુરાદી મન હઠી અપાર.—ચેતો૦ ૫૦૪
એજી ત્યાં સહુ મલીને ધરમ ખંડત કરશે,
આ કલજુગ સંધે જીવુંનો એવો છે આચાર;
આ જીવોને ધરમ કેવું લાગશે,
જે સીધું બોલતાં કરે અપકાર.—ચેતો૦ ૫૦૫
એજી એવો સંસાર બાકી રહીઓ,
શામી તેનો તે અમ સીર રાખીઓ ભાર;
સંસાર સઘળો પાખંડ તણો,
તેતો ભુત ભકિતસું રાખે પીઆર.—ચેતો૦ ૫૦૬
એજી સતની વાતમાં સમજે નહિ,
અને ભુત ભકિતસું રાખે અતી પીઆર;
તેમાં જે ઉપર તમે કીરપા કરો,
શામી તે જીવ આવશે તે તમારે દ્વાર.—ચેતો૦ ૫૦૭
એજી તારે સતગુરૂ હસનશાહાને શામીજીએ એમ કહ્યું,
તમે સેંસો મ ધરશો લગાર;
અમે અમારા જીવ ઓળખી લેશું સંસારમાં
તેનો તમ સીર બાકી નહિ ભાર.—ચેતો૦ ૫૦૮
એજી એવો કઠણ પોહોરો તે માંહે જે જીવ ચેતશે,
અને રાતદીન રાખશે પોતાના મનમાં વીચાર;
આ સત ધરમ તેને સુજશે,
તે જીવ નહિ મેલશે ધરમ આચાર.—ચેતો૦ ૫૦૯

એજી તે જીવ તમ શરણે આવશે,
તે સતગુરની ગત માંહે મળશે સાર;
તે જીવ હક હરામ ઓળખીને ચાલશે,
અને ખાટી કરશે તે ધરમ આચાર.—ચેતો૦ ૫૧૦
એજી જેને આઠોઇ પોહોર ચીન્તા આપણા જીવની,
રાખશે તે આપણા મનમાં વીચાર;
આ સત ધરમ તેને સુજશે,
તે નહિ મેલશે ધરમ આચાર.—ચેતો૦ ૫૧૧
એજી હલાલ કમાઇ તેને સુજશે,
તે નહિ કરશે જુઠ નીંદાનું આહાર;
આ કઠણ વેળા કલજુગ તણી,
તેમાં મન થર નહિ રહેશે લગાર.—ચેતો૦ ૫૧૨
એજી કલજુગ જમાનો કઠણ ઉપનો,
તે માંહે કુડ કપટ નીંદાનો ચાલશે વેવાર;
તેમાં સતી જીવ ચેતશે,
તે જીવ આવશે તે આપણે દ્વાર.—ચેતો૦ ૫૧૩
એજી તે જીવ ગુરની ગતમાંહે જઇ મીલશે,
દુખ સુખનું નવ રાખશે દીલમાંહે વિચાર;
દુખ સુખ દેહી સાથે માંડીઆ,
જેમ જીવ પીંઢીને અન પાણીનું આહાર.—ચેતો૦ ૫૧૪
એજી ત્યાં સતી જીવને કસણી ઘણી.
આ કલજુગનો એવો આચાર;
તે હલાલ હરામ ઓળખીને ચાલશે,
પારકી આશા ન કરશે લગાર.—ચેતો૦ ૫૧૫
એજી તે જીવ પાખંડેશું પ્રીત નવ રાખશે,
અને જુઠી મજલસનું નવ રાખશે વેવાર;
અરી પરી કેની કરશે નહિ,
આપણા ધંધામાંહે રહેશે હુશીઆર.—ચેતો૦ ૫૧૬
એજી જે જીવ દીનનો ધંધો કરશે પેટનો,
નામ જપશે તે દમોદમ સીરજણહાર;
હક કમાઇ કરી તે માંહેથી આપશે,
આપણા ગુર નર મુખે દસોંદનો આહાર.—ચેતો૦ ૫૧૭

એજી તે કેની નીંદા બદ ગોઇ કરશે નહિ,
આપણા ગુર નરસું રહેશે પુરે વેવાર;
તે જીવ અમ ઘરે આવશે,
તેની નીંદા તે કરશે બીજો સંસાર.—ચેતો૦ ૫૧૮
એજી તેના એકોતેર પુરીઆ માઇ બાપના,
અને સાત પેઢીઓ સાસરાની સાર;
જે લઇ કરી અમરાપુરી માંહે ચાલશે,
જે ખરા દસોંદી સુકરીતવંતા સાર.—ચેતો૦ ૫૧૯
એજી સતનું ધરમ આ જુગમાંહે જે કોઇ કરશે,
તે એક કણના સવાલાખ લેશે સંભાર;
એવા દાન દેતાં જે જીવ કલપશે,
તેનો આપણા માથે કાંઇ નહિ ભાર.—ચેતો૦ ૫૨૦
એજી જે જીવ સતી દેશે સત ધરમસું,
તેનું એક તીલ ભાર નવ જાશે લગાર;
આ સુપાત્રે દાન તો બહુ ફળે,
એક કણના સવા લાખ લેશે સંભાર.—ચેતો૦ ૫૨૧
એજી અમરાપુરીમાં તેના ઘર ચણાવીઆ,
તેમાં જડતર હીરા માણુક પદારથ સાર;
સોવન ઇંટે તેના ઘર ચણાવીયા,
તેમાં નાખીયા છે અંબર કસ્તુરીના ગાર.—ચેતો૦ ૫૨૨
એજી હુરાંઉ પચાસ તે ઘરમાં રાખશું,
તેનો એક તે થાશે ભરથાર;
પાંચસો પુત્ર તે જીવના થાશે,
તેતો ફરમાની રમશે તે ઘર મીંજાર.—ચેતો૦ ૫૨૩
એજી પાંચસો મલાએક તેના હજુરમાં રહેશે,
તેતો ફરમાની રહેશે એ ઘર મીંજાર;
તેતો અશ્વ ઝાલીને ઉભા રહેશે,
અને તે સહેલ કરાવશે સ્વર્ગ મીંજાર.—ચેતો૦ ૫૨૪
એજી તમને અમને જે જીવ ઓળખશે,
તે જીવ આવા ઘર અમરાપુરીના પામશે સાર;
આ દસોંદ સુકરીતે પુરા સતગુર મુખે,
તેને કલજુગ નહી લુપશે લગાર.—ચેતો૦ ૫૨૫

એજી એવે સત ધરમે જે જીવ ચાલશે,
તેને આવાગમણ નહી સંસાર;
તમ બ્રહ્માને સતગુર કરી માનશે,
અને ઓળખસે હાજર જોમા પાત્ર અવતાર.–ચેતો૦ ૫૨૬
એજી એવા સુખ અમરાપુરીના આલશું,
વળી આપશું આખરત દહાડે દીદાર;
એવા સુખ જે જીવને નહી ગમે,
તેનો આપણા સાથે નહી કાંઈ વેવાર.–ચેતો૦ ૫૨૭
એજી કુપાત્રે દાન જે જીવ આલશે,
સાંભળો સતગુરજી તેનો કહું વીચાર;
તેતો એકવીસ સ્વર્ગ માંહે જગ્યા પામશે,
જે રાખીઆ છે મેર પરબત મીંજાર.–ચેતો૦ ૫૨૮
એજી તે સ્વર્ગ માંહે જે જીવ જઇ ઉતરશે,
જેણે સતગુર વીના દીધા છે દાન અપાર;
તેતો સ્વર્ગ ભોગવીને હેઠા ઉતરસે,
અને લેશે તે દુનીયા માંહે અવતાર.–ચેતો૦ ૫૨૯
એજી જેણે જીવે જેવા ધરમ દુનીયા માંહે કર્યા,
તે જીવ તેવા તે લેશે અવતાર;
તેતો જઇ પડશે લખ ચોરાસીમાં,
તેના દુખનો નહી આવે પાર.–ચેતો૦ ૫૩૦
એજી મધમ અવતાર તેના આવશે,
અને ચારેઇ ખાણ માંહે તે લેશે અવતાર;
એકવીસ લાખ અવતાર એક એક ખાણમાં,
અને ભોગવશે તે દુનીયા મીંજાર.–ચેતો૦ ૫૩૧
એજી ત્યાં તોબા તોબા તે જીવ બહુ કરશે,
તેને ત્યાં નહી કોઇ છોડાવણહાર;
તે ફેરા ફરશે લખ ચોરાસી તણા,
તે ઓળખ્યા વીના જાશે તે ઘોર અંધાર.–ચેતો૦ ૫૩૨
એજી એવા અવતાર તે કોણ જીવ પામશે,
તેનો સતગુર હસનશાહા શામીજીને પુછીયો વીચાર;
શામીજી અમે ગુનેગાર બંદા તમ તણા,
તમારી કુદરતનો નહી લંભે પાર.–ચેતો૦ ૫૩૩

એજી તારે સતગુર હુસનશાહા લાગા ધ્રુજવા,
અને ગીરીયા કીધી તેનો નહી આવે શુમાર;
શામી અનંત કરોડ જીવ કેમ ઉધરે,
એવો કલજુગ જમાનો કઠણ સાર.—ચેતો૦ ૫૩૪
એજી લખ ચોરાસીમાં તે કોણ જીવ આવશે,
તેનો સતગુર હુસનશાહા તે શામીજીને પુછે વિચાર;
એ શૃષ્ટી સરવે શામીજી તમ તણી,
તે સરવેના શામી તમે છો સીરજણહાર.—ચેતો૦ ૫૩૫
એજી શામી માત તાત જનમે બાળકને,
તે માંહે વાહલો વેરી નહી સહુ એનો પરીવાર;
શામીજી અદકું ઓછું એમાં કોઇ નહી,
તે માત પીતાને વહાલો પોતાનો પરીવાર.—ચેતો૦ ૫૩૬
એજી શૃષ્ટી તો સીરજણહાર તમે,
તમે છો માત તાત બંધવ મોરાર;
આ કુટુમ્બ કબીલો શામીજી તમે,
તમ વિના નહી કોઇ સંસારમાં સાર.—ચેતો૦ ૫૩૭
એજી મયા તમારીથી છુટીએ,
શામી ટળે તે જીવુંને જંજાળ;
તમે તમારા બીરદ સામું જુઓ,
મ જુઓ અમારા અવગણ સામું સીરજણહાર.—ચેતો૦ ૫૩૮
એજી શામી હીંદુ મુસલમાન સંસારમાં,
તે સઉના તમે છો સીરજણહાર;
આ વહાલો વેરી તે માંહે તમારો કોઇ નહી,
વળી સઉના રોજી પુરણહાર કીરતાર.—ચેતો૦ ૫૩૯
એજી સહુના અવતાર શામીજી તમ થકી,
તેમાં ઉતમ મધમ નહી કોઇ સીરજીઓ સંસાર;
તે જીવની રખીઆ શામીજી તમ થકી,
તમ કીરપાએ શામીજી સહુ ઉધરે નર ને નાર.—ચેતો૦ ૫૪૦
એજી શામીજી તમે નરજી આદ અંતના,
અને તારીઉં તમારીઉં તે સરવે સંસાર;
તમ શામીથી સોહાગજ પામીએ,
દુહાગણ નારી તે સરવે સંસાર.—ચેતો૦ ૫૪૧

એજી ઉત્તમ સતગુરૂજી તેને કહીએ,
જેના ધરમ ઉત્તમ ને ઉત્તમ આચાર;
જુઠ નીંદા જેણે જીવે પરહરી,
સર્વથી નમી ખમી ચાલે તે દુનીઆ મોજાર.—ચેતો૦ ૫૪૨
એજી નમણી ખમણી તે સર્વેને પીઆરી,
જેણુથી રિઝે તે સર્વે સંસાર;
તેનો જશ બોલીએ નાત પર નાતમાં,
કોઈ કથણી નવ કરે દુનીયા મોજાર.—ચેતો૦ ૫૪૩
એજી જેની વાણી મીઠી દુનીઆ માંહે,
અને હોશે વળી તેને ધરમ આચાર;
તેને દુનીઆ તો ભુંડો વાચે નહી,
તે ઉપર રાજી હોવે તે આપ સીરજણહાર.—ચેતો૦ ૫૪૪
એજી જે જીવ શીલ સંતોષી દયા ખમીયાવંતા,
નીચી દ્રષ્ટે ચાલે તે દુનીઆ મોજાર;
એણે આચારે ઉત્તમજ જાણીએ,
સરવે કુટુમ્બનો એંચે ભાગ.—ચેતો૦ ૫૪૫
એજી ક્રીયા આચાર તે જીવના પુરા કહીએ.
તેણે જીવે આપણા ધરમ મારગ માંહે રાખીઓ અતી પીઆર;
તેના હ્રદય કમળ નહીં કુલશે,
આવો કલજુગ તે વીખડો ઉતરશે પહેલે પાર.—ચેતો૦ ૫૪૬
એજી એણે આચારે મીત્ર થાશે આપણો,
તેને દોયલો નહીં થાશે લગાર;
અમરાપુરીના ઘર તે પામશે,
જે જીવ ઓળખશે હાજર જોમો પાત્ર અવતાર.—ચેતો૦ ૫૪૭
એજી જે જીવ ભુંડે કામે જીભ ચલાવશે,
નવ પાળશે તે ક્રીયા આચાર;
તે જીવ પોતે ડુબ્યા ને બીજાને ડુબાવશે,
અને પામશે મધમ અવતાર.—ચેતો૦ ૫૪૮
એજી એણે આચારે મધ્યમજ જાણીએ,
તેનું કુડ કપટ નીંદાસું વેવાર;
તેને ધરમ આચાર તો સુજે નહીં,
તે જુઠ નીંદાસું જાશે નરક દ્વાર.—ચેતો૦ ૫૪૯

એજી તે ધરમ દેતાં ઝગડો માંડશે,
ભઠ પડીઓ તેનો અવતાર;
એક પોતાને પુન્યે પુરા નહિ,
અને કરવા જાએ બીજાની વાર.–ચેતો૦ ૫૫૦
એજી એક પોતાનો પીંઠ પાળે નહિ,
અને બીજા જીવનો માથે લીએ છે ભાર;
તેની આખર વેળા જારે આવશે,
તારે તે જીવને બાંધી દેશે માર.–ચેતો૦ ૫૫૧
એજી તેને મારતા મારતા કીઆમત જાશે;
ત્યાં તે જીવ બહુ કરશે પુકાર;
તેને આડો તે કોઇ નહિ આવશે,
માઈ બાપ નહિ કોઈ કુટુમ્બ પરીવાર–ચેતો૦ ૫૫૨
એજી સગા સાવગા સરવે સંસારના,
ત્યાં કેનું જોર નવ ચાલશે લગાર;
અજાણ થઇને પોતાના કર્યા,
તે સહુનો પોતા માથે લીધો છે ભાર.–ચેતો૦ ૫૫૩
એજી દુનીઆમાં જે પોતાનું કરી રાચશે,
આગળ કઠણ છે સાહેબને દરબાર;
સતગુરૂજી તે સાચા વીના નવ છુટશે,
આખર જાશે તે ઘોર અંધાર.–ચેતો૦ ૫૫૪
એજી એણે આચારે શત્રુ થાશે આપણો,
સતગુર હુસનશાહા તમને કહું છું નીરધાર;
દુનીઆ માંહે જે જીવ સત ધરમ ભાંગશે,
તેની કોઈ ન કરશે સાર.–ચેતો૦ ૫૫૫
એજી શત્રુ તે જે સતગુરૂને જાણે નહિ,
અને ચાલશે તે અધરમે આચાર;
ગુર લુપી તે માહા પાપી કહીએ,
જેના હૃદય માંહે ઉપજે કાળ.–ચેતો૦ ૫૫૬
એજી મધમ ચંડાલ કરી તેને જાણીએ,
તેનું મુખ દીઠે થાશે દોષ અપાર;
તેણે જીવે માત તાત સર્વે ડુબાવીઆ,
જેણે જીવે નવ ઓળખીઆ હાજર જોમો પાત્ર અવતાર.–ચેતો૦ ૫૫૭

એજી જે જીવ અવતાર પાત્રને ઓછું કરી માનશે,
અને મનમાંહે તે રાખશે એવો વીચાર;
એ તો માણસ રૂપે થઈ બેઠો મીલછા માંહે,
તે કેમ હોવે કીરતાર.—ચેતો૦ ૫૫૮
એજી તેને કીરતાર કરી જે માનશે નહિ,
તે ઘર દાન દેતાં આણશે રોષ અપાર;
જે દાન લીએ તેને અલ્લાહ કેવો કહીએ,
અલ્લાહ તો સહુની રોજી પુરણહાર.—ચેતો૦ ૫૫૯
એજી એવે આચારે મધ્યમજ થાશે,
તેના મન થર નહિ રહેશે લગાર;
આ માયા મીઠી કલજુગ તણી,
તે પોતાની કરી બેશશે ગમાર.—ચેતો૦ ૫૬૦
એજી અસલ ધરમ જેના પુરા નહીં,
તે જીવ ખંડશે હાજર જોમો પાત્ર અવતાર;
એને ખંડે તે નરજી નહી ખંડાએ,
તેણે જીવે ખોયો તે પોતાનો અવતાર.—ચેતો૦ ૫૬૧
એજી મહા પદારથ સરીખો માનખો,
તે નહિ આવે વારોવાર;
લાખ ચોરાશી અવતાર મધમના ભોગવી ઉતરે,
તારે એક તે આવે માનખા અવતાર.—ચેતો૦ ૫૬૨
એજી તે માંહે આઠ અવતાર આ જુગ માંહે માનખા તણા,
તેમાં કરણીથી આવે ઉતમ મધ્યમ અવતાર;
હવે તે માંહે જે જીવ અવતાર પાત્રને નવ ઓળખશે,
તે જીવ જાશે નરક દ્વાર.—ચેતો૦ ૫૬૩
એજી સંસાર સઘળો થાશે પાખંડી
ધરમ વેળાએ કરશે જુઠ નીંદા અપાર;
તેનો ધરમતો સતગુરૂ મુખે પહોંચે નહિ,
તે તો જાશે અવરા મુખે કાર.—ચેતો૦ ૫૬૪
એજી જેનો ધરમ સતગુરૂ મુખે નહિ,
તેને તેવી બરકત થાશે સાર;
જેના પુર્વના પુન સાચા નહિ,
તેણે નવ ઓળખીયા તે પાત્ર અવતાર.—ચેતો૦ ૫૬૫

એજી માનખાનો અવતાર તો ઉતમજ કહીએ,
જેણુ રૂપે બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરનો અવતાર;
તે મનખો લઇ દીધો આ સંસારને,
તેનો ગાફલ દુનીઆ નવ કરશે વીચાર.—ચેતો૦ ૫૬૬
એજી પશુ પંખી છે આ સંસારમાં,
તેને પોતાની કરણીથી આવીઓ તેવો અવતાર;
જેને ખાધા પીધાની શુધ નહિ,
તેના માથે કેવો ભાર.—ચેતો૦ ૫૬૭
એજી સતગુરૂ હસનશાહા તમે જઇ જુગ માહે વાણી કરી,
અનંત કરોડ જીવુને આલજો ધરમ આચાર;
તેમાં તમને અમને જે જીવ ઓળખીને ચાલશે,
તે જીવતો આવશે અનંતના હીસાબ મોજાર.—ચેતો૦ ૫૬૮
એજી સતગુરૂ હસનશાહા તારે બોલીઆ,
તમે સાંભળો શામી સીરજણ હાર;
આ કલજુગ કઠણ એવો પરવરીઓ,
તેમાં શામી તમ વિના બોધ નવ ચાલે લગાર.—ચેતો૦ ૫૬૯
એજી તારે દીરપા કરીને શામીજી બોલીઆ,
સાંભળો સતગુરૂજી તમને કહું છું વિચાર;
અમે તમે બેઉ એક છઇએ,
તેનો સેંસો મ ધરશો લગાર.—ચેતો૦ ૫૭૦
એજી અનંત કરોડ જીવની મયા તમ ઉપર થઇ,
તેમાંથી અડતાલીસ કરોડ આવશે આપણે દ્વાર;
તેના મુખી સતગુરજી તમે,
શામીજી કહે તમારી કરણીનું નવ લંભે પાર.—ચેતો૦ ૫૭૧
એજી માહદનનો દીન જારે થાશે,
તારે સર્વે પીર પેગામ્બર માંહે તમે થાશો સરદાર;
તારે આરબી રૂપ થાશે અમ તણો,
તારે સાચ જુઠનો થાશે નીસ્તાર—ચેતો૦ ૫૭૨
એજી પીર પેકામ્બર ખડા ધ્રુજશે,
ત્યાં કોઇ કેની અરજ નહિ કરશે લગાર;
તમ સતગુરૂ બ્રહ્મા વિના નહિ કોઇ છુટશે,
તેનો કોલ આલું તે નીશ્ચે જાણજો નીરધાર.—ચેતો૦ ૫૭૩

એજી કોલ લઈને સતગુરજી પધારીઆ,
તેણે સતગુરજી બોધ કીધો તે દુનીઆ મીંજાર;
તે સતગુર પ્રથમ પધારીઆ ઉંચમાં,
ત્યાં તે બોધીઆ સરવે સંસાર.–ચેતો૦ ૫૭૪
એજી ત્યાં જઈ નરજીના વચન સંભળાવીઆ,
અને પોતાનો પરબોધ નવ ચલાવીઓ લગાર;
શાહાની દરગાએ દીઠું જેટલું,
તેની સતગુર હસનશાહ કરી પોકાર.–ચેતો૦ ૫૭૫
એજી અમને એ નરજીએ પોતે ઓળખાવીઆ,
અમે નારી થઈને રહ્યા એ નરને દ્વાર;
એને અમ જેવી નારી અનેક છે,
એ શામીજી છે સહુનો ભરથાર.–ચેતો૦ ૫૭૬
એજી એ નર નકલંકી અમે ભેટીને આવીઆ,
ત્યાં દીઠી તે કુદરત અપાર;
તે સર્વેને કહી સંભળાવીઆ,
એ ઘર વિના તે ભુલશે સરવે સંસાર.–ચેતો૦ ૫૭૭
એજી એ ઘર દાન દીજે હેતસું;
તેમાં કાંઇ શક ન આણીએ લગાર;
જે નરના દીદાર અમે પામીઆ.
તે નર છે સર્વ શૃષ્ટીનો સરજણહાર.–ચેતો૦ ૫૭૮
એજી અમ દુહાગણને લઈ સુહાગણ કરી,
અનંત કરોડનો અમને પહેરાવીઓ શણગાર;
તે કારણ અમને મુકીયા સંસારમાં,
શામીજીએ કીરપા તે કીધી અપાર.–ચેતો૦ ૫૭૯
એજી તે શામીજીના વચન અમે તમને કહીએ,
જે અમે સાંભળીઆ છે શામીજીને દરબાર;
તે શામીજીના વચને જે જીવ ચાલશે,
તેના તે ટળશે જંજાળ.–ચેતો૦ ૫૮૦
એજી પરથમ પહેલું એમ કહ્યું,
સાંભળો રીખીસરો તેનો તમને કહું વીચાર;
આદ નીરીંજન તે નર અલી કહીએ,
જે મુજ દુહાગણ નારીને પહેરાવીઓ શણગાર.–ચેતો૦ ૫૮૧

એજી જાઓ હસનશાહા સંસારમાં વાણી કરો,
આલજો તે ધરમ આચાર;
જે પાંચ સાત નવ બાર કરોડ ઓસરીઆ,
તેની તમે જઈ કરજો સંભાર.–ચેતો૦ ૫૮૨
એજી બાકી અનંતનો વર અમને આલીઓ,
તેમાં અડતાલીસ કરોડનો શામીજીએ પોતે કરીઆ છે વીસ્તાર;
તેમાં સત ધરમે જે જીવ ચાલશે,
તેને શામીરાજો પોતે લેશે ઉગાર.–ચેતો૦ ૫૮૩
એજી તે માંહે સતી જીવ તમે ધરમે ચાલજો,
જેથી ઉતરશો તે પહેલે પાર;
દશ અવતાર શામીજીના પુરા થયા,
હવે નથી કોઈ અગીયારમો અવતાર.–ચેતો૦ ૫૮૪
એજી છેલ્લો અખાડો આ કલજુગનો,
તેમાં જેણે ઓળખીઓ તેતો પામીઆ પાર;
આ અમને તમને જેણે સીરજીઆ,
તે શામીજીના ઓળખ્યા વિના નહિ જાશે જીવુંને,
જંજાળ.–ચેતો૦ ૫૮૫
એજી અમારો તમારો સીરજણહાર કોણ છે,
સાંભળો રીખીસરો તેનો તમને કહું વીચાર;
આલ અલી તે શ્રી ઈસલામશાહા કહીએ,
તે શામી શાહા ગરીબમીરજાનો અવતાર.–ચેતો૦ ૫૮૬
એજી પરગટ અવતાર શામીજીનો જુગ સંધે નહિ,
એ નરનો ચાલીઓ છે ગુપ્ત અવતાર;
તેને સંસાર સર્વે નહિ ઓળખશે,
નહીં માનશે કરી પાત્ર અવતાર.–ચેતો૦ ૫૮૭
એજી અમે તો તેને સહી કરી માનીએ,
તે છે આદ નીરીંજનનો અવતાર;
આ નુરનાં પગલાં અમે નીરખીઆ,
શ્રી ઈસલામશાહા છે તે અલ્લાહનો અવતાર.–ચેતો૦ ૫૮૮
એજી અમારે વચને જે જીવ ચાલશે,
તે તો એ ઘર મેલી નહિ જાશે બહાર;
તે નર શ્રી ઇસલામશાહાને અલ્લાહ કરી માનશે,
એમાં શક ન આણશે લગાર.–ચેતો૦ ૫૮૯

એજી પાછમ દીશ ને એરાકખંડ માંહે,
તે નરજી બેઠા ત્યાં એ નરે તે ધરીઆ ગુપ્ત અવતાર;
હાજર જોમો એ ધરમાંહે જેટલો,
તેને સહી કરી માનવો અલીશાહનો અવતાર.-ચેતો૦ ૫૯૦
એજી તે ઘર ધરમ હરોહજ આલજો,
નહિતો જાશો ઘોર અંધાર;
બીજા ધરમ સર્વે પાળજો,
જુઠ નીંદા કેની ન કરશો લગાર.-ચેતો૦ ૫૯૧
એજી હક કમાઇ કરી ખાજો પેટમાં,
આછો ધંધો કરજો નરને નાર;
અજપીઆ જાપ અહોનિશ જપજો,
ઓળખજો તે હાજર જોમું પાત્ર અવતાર-ચેતો૦ ૫૯૨
એજી એ પાત્ર અવતાર ઓળખીઆ વીના નવ છુટશો,
તેનો કોલ કીધો છે શ્રી ઇસલામશાહા કીરતાર;
સતગુરૂના વચને જે જીવ અમને ઓળખશે,
તે જીવ આવશે અનત કરોડના હીસાબ મોજાર.-ચેતો૦ ૫૯૩
એજી તે અણંતનો તારણહાર તે તો શ્રી ઇસલામશાહા,
જેણે કોલ આલીઓ અમને ને ઓળખાવીઓ પોતાનો અવતાર;
તે માંહે કલજુગ છેલ્લી સંધ જારે આવશે,
તારે એ નરની નીંદા તે કરશે સંસાર.-ચેતો૦ ૫૯૪
એજી તારે એક બીજાના વચન ઉથાપશે,
એમ કહેશે જે માણસ રૂપે કેમ હોશે સીરજણહાર;
તે તો ઘેરાઘર જઇ વાત કરશે,
તેના મન થર નહિ રહેશે લગાર.-ચેતો૦ ૫૯૫
એજી ત્યાં કલજુગ સંધે એવા જીવ ઉપજશે,
તે ડુબશે અને બીજાને ડુબાવશે અપાર;
તે તો મળી અરથનું અનરથ ઠેરાવશે,
તે સતગુરૂના વચન ઉથાપશે તેણીજ વાર.-ચેતો૦ ૫૯૬
એજી જેણે સતગુર ધરમ દઇને સાહેબ દેખાડીઆ,
તે ગુરૂની ખંડણી તે કરશે અપાર;
જેના પુર્વના પુન સાચા નહિ,
તે કેમ કરી ઓળખશે હાજરજોમો પાત્ર અવતાર.-ચેતો૦ ૫૯૭

એજી સંસાર સર્વે તે થાશે પાખંડી,
તે જ કથા ગીતા ઉપર ધરશે પીઆર,
અંધ દુનીઆ તેને કેડે પડશે.
જેનો વારો હતો તે ત્રણ જુગ મોજાર.—ચેતો૦ ૫૯૮
એજી તે જીવ કામી ક્રોધી લોભી લાલચી.
તે પોતાને સ્વાર્થે લુંટશે સર્વે સંસાર;
તેને પોતાની પુઠ મુજે નહિ,
બતાવે બીજાને ધરમ આચાર.—ચેતો૦ ૫૯૯
એજી ત્યાં અંધી દુનીઆ એવી થાશે.
જે નહીં ઓળખશે ધરમ આચાર;
જે જુઠું બોલીને મીઠો થાશે,
તેને માનશે સર્વે સંસાર.—ચેતો૦ ૬૦૦
એજી એવે પાખંડે જે જીવ ચાલશે.
આપણા ગુરનરની લાજ ન આણશે લગાર;
તેનું સતગુરૂ આગળ કેવું ચાલશે,
જે પોતે થઈ બેસશે ગેમાર.—ચેતો૦ ૬૦૧
એજી એ સરવે પાખંડી ઇસ જુગ તણા.
તે માંહે સાચ જુઠના તે થાશે નીસ્તાર;
એવે અધરમે કરી જુગ પુરો થાશે,
તારે ઇમામ મેહેદી તે થાશે અવતાર.—ચેતો૦ ૬૦૨
એજી એવી વેળા માંહે જે જીવ ચેતીને ચાલશે,
આપણા સતપંથ મારગ માંહે તે રાખશે પીઆર;
કાને કેની બદગોઇ સાંભળશે નહિ,
જુઠ નીંદાસું નહીં રાખશે વેવાર.—ચેતો૦ ૬૦૩
એજી હક કમાઇ કરીને જે ખાશે પેટમાં,
તેમાંથી આપણા ગુરનર સુખે રાખશે દસોંદનો વેવાર;
તે જીવને ગુરનર પોતાનો કરી રાખશે,
તે જીવ આવશે તે અણંતના હીસાબ મોજાર.—ચેતો૦ ૬૦૪
એજી ચારાચરખટ દેખી આ જુગ તણા,
તમે ભુલશો મ સરવે સંસાર;
અલી નબી આ જગમાંહે અવતાર પાત્ર છે,
તેથી ઓલડીઆ તે જાશે નરક દ્વાર.—ચેતો૦ ૬૦૫

એજી એ નર શ્રી ઇસલામશાહા અવતાર શાહા અલી તણા,
સતગુર હસનશાહા તે તો નબી મહંમદનો અવતાર;
એ અવતાર પાત્રને જે ઓછું કરી માનશે,
તેનો હાલ માલ ગયો ને ગયો તેનો માનખા અવતાર.—ચેતો૦ ૬૦૬
એજી એ ઘરની ઉમેદ રાખજોરે મુનીવરો,
જાં સુધી જીવો તાં સેવા કરજો સાર;
સતગુરૂ હસનશાહા તમને એ ઘર બતાવીયા,
તે માંહે સંસો મ ધરશો લગાર.—ચેતો૦ ૬૦૭
એજી સતગુરૂ હસનશાહા ભુલા તો તમે ભુલશો,
જો તે નર જીતીઆ તો તમને વધાઇયું અપાર;
બીજા ગુરૂ સંસારના તે સતગુરૂથી હીણા,
તમે આ વાતનો રાખજો વીચાર.—ચેતો ૬૦૮
એજી અમારો નર તે કાયમ મ્હેંદી શ્રી ઇસલામશાહા,
જેનો આજ કલજુગ સંધે છે નર નકલંકનો અવતાર;
તે નરને અમે ઓળખીને તમોને ઓળખાવીઓ,
અમારે તમારે જાવું છે તે નર નકલંકીને દ્વાર.—ચેતો૦ ૬૦૯
એજી નર નકલંકીને સુખ તો આપણે સુખી,
જો તેને દુઃખ તો આપણને કાં નહિ વીચાર;
તે માટે રીખીસરો સતગુરૂ કહે,
એ નરને શરણે તે રહેવું નીરધાર.—ચેતો૦ ૬૧૦
એજી નીશ્ચે કરી સીરેવો શામી આપણા,
આપણા નર શ્રી ઇસલામશાહાનો અવતાર;
એણે આગે અનેક જીવ ઉધારીઆ,
તે આપણો શામી કરશે તે આપણી સંભાર.—ચેતો૦ ૬૧૧
એજી એ ઘર મેલી બીજે સેવા કરશે,
તેનું આગળ માન ન રહેશે લગાર;
બીજી જુઠી સેવા તે સતગુરૂ વીના,
તેના જુઠા ગુરૂ જુઠી કીરીયા હીણા આચાર.—ચેતો૦ ૬૧૨
એજી તે ગુરૂ તમને નહિ મળીઆરે મુનીવરો,
તમે ધરમ ખંડત મ કરશો લગાર;
તેના પારખાં પડસે આગળે,
જ્યારે માહાદન માંહે પુછાસે નર ને નાર.—ચેતો૦ ૬૧૩

એજી જે જીવ સત ધરમે પુરા હસે,
દસોંદ સુકરીતે ખંડત નહિ લગાર;
તે જીવ સરવે જાશે સ્વર્ગમાં.
પછી જે કાંઈ કરશે અમારો ભરથાર.—ચેતો૦ ૬૧૪
એજી જારે દીનરે માહાદનનો મંડાવશે,
તારે હોસે તે હલ હલકાર;
તે વેળા થાશે ઘણી દોહેલી,
ત્યાં જેના ગુરૂ જુઠા હશે તે માહાદન માંહે ખાશે માર.—ચેતો૦ ૬૧૫
એજી તારે તખ્તે કાયમ શામી બેસશે,
જે છે અલી નકલંકનો અવતાર;
તેનું તેજ તપ ત્યાં વાધશે,
આરબી રૂપે થાશે અલી વરદાતાર.—ચેતો૦ ૬૧૬
એજી તારે થર થર ધરતી ધ્રુજશે,
આસમાન કંપશે અપાર;
ત્યાં પીર પેગામ્બર સર્વે ધ્રુજશે.
સાહુ કોઇ આપ આપણીમાં રહેશે સંસાર.—ચેતો૦ ૬૧૭
એજી ગુનેગારને સીર હુકમજ ચાલશે.
લેખા લેસે આપણા શામી રાજો સભાર;
સાચ જુઠના પડશે પારખાં.
રીખીસરો તમને કહું છું વારોવાર.—ચેતો૦ ૬૧૮
એજી ધન ધન તે અવતાર પાત્રને,
જેણે શામી રાજે તે આલીઆ પોતાનો દીદાર;
તેની સવાએથી મ ચુકોરે મુનીવરો,
એ શામીના ચલત્રનો અંત ન પાર.—ચેતો૦ ૬૧૯
એજી શામીજીના ચલત્ર સામું નવ જોઇએ,
શ્રી સતગુરૂને વચને સેવા કરીએ સાર;
જેમ જેમ કળીકાર વાધસે મુનીવરો,
તેમ શામી રાજો ચલત્ર કરશે અપાર.—ચેતો૦ ૬૨૦
એજી સતગુરે એમ કહી કહીને સંભળાવીઆ,
તે તમે મુનીવરો રાખજો હ્રદયમાં વીચાર;
એમ કરતાં જે દોજકે જાશે,
તેનો સતગુરૂ હસનશાહા માથે નહિ ભાર.—ચેતો૦ ૬૨૧

એજી આવા વચન સુણી જે જીવ સતે નહિ ચાલશે,
નહિ ઓળખશે આપણા હાજર જેમાનો અવતાર;
જે પોતે પીસ્તાલીશ કરોડીમાં ભેળા થાશે,
તેની સતગુરૂ હસનશાહા કીઆં કરશે સાર.—ચેતો૦ ૬૨૨
એજી આગે પીસ્તાલીસે ધરમ લઇને ખંડત કરીઆ,
તેતો ચાલીઆ સરવે જીવ ઘોર અંધાર;
તેણે જીવે દસોંદ દેતાં ચીત ડુલવીયું,
નવ ઓળખ્યો તે હાજર જેમાંનો અવતાર.—ચેતો૦ ૬૨૩
એજી તે આપણા ગુરનરના ચલત્ર દેખીને ભુલીઆ,
આપણા ગુરનર ઉપર નહી આણીઓ ઇતબાર;
તેણે મુરખે તે માણસ રૂપે કરીને જાણીઓ,
તે સતગુરને વચને થર નહી રહ્યા લગાર.—ચેતો૦ ૬૨૪
એજી ધન ધન તે ગુર હસનશાહાને કહીએ,
ધન ધન હાજર જેમો પાત્ર અવતાર;
ધન ધન તે સતી જીવને કહીએ,
જે જીવ ઓળખીને ચાલીયા આપણા સતપંથ મીજાર.—ચેતો૦ ૬૨૫
એજી ધન ધન તે ગુર નરની આસને,
અને ધન ધન ઇમામશાહ અવતાર;
સતગુર હસનશાહાના સુત તે ઇમામશાહા,
જેણે તે બોધીઆ મુરીદ અપાર.—ચેતો૦ ૬૨૬
એજી આ સતગુરના વેદ વચન તે સત કરી જાણજો,
આ વેદના વચન માંહે અસત નહીરે લગાર;
એમ કરતાં જે જીવ સાચું નહી માનશે,
તેની પોતાની કરત કમાઇ નહીરે સાર.—ચેતો૦ ૬૨૭
એજી ધન ધન તે પીર સદરદીન સતગુર બ્રહ્મા,
અને ધન ધન પીર હસન કબીરદીન એના પરીવાર;
ધન ધન તે સતગુર ઇમામશાહને કહીએ,
જેણે સતગુરે ગીનાન કંથીયું વીચાર.—ચેતો૦ ૬૨૮
એજી જ્ઞાન કંથીયા ગુર ઇમામશાહા,
તે મોમન ચેતામણી ગુંજ સાર;
આવા આવા વચન કહી મુનીવરને ચેતાવીયા,
મોમનભાઇ તેનો હૃદયમાંહે રાખજો વીચાર.—ચેતો૦ ૬૨૯

એજી અમે તમે બંદા સર્વે સાહેબ તણા,
તે શામીની સમરથનો નહી કોઇ પાર;
સતગુરે જેવું દીઠું તેવું કહ્યું,
આપણે સહુને જાવુ છે એ સાહેબને દ્વાર.—ચેતો૦ ૬૩૦

સમાપ્ત.

